# Gyan Amrit
# જ્ઞાનામૃત

Vol.15 - Issue 03
March 2022
Price 12/-




HAPPY Holi

*Hope Your Life is Framed With All Colours Of Love and Happiness Always.*



નવસારીમાં આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ૨૬ જાન્યુઆરી ગણતંત્ર દિવસે રાષ્ટ્રધ્વજ લહેરાવ્યા બાદ શિક્ષણ અધિકારી ભ્રાતા રોહિતભાઈને સૌગાત આપતા બ્ર.કુ. ગીતાબેન.



કલોલમાં આઝાદીના અમૃત મહોત્સવના શુભારંભ પ્રસંગે શુભેચ્છા આપતાં કલોલ નાગરિક સહકારી બેંકના ચેરમેન ભ્રાતા ગોંવિદભાઈ પટેલ, નગરપાલિકા પ્રમુખ ઉર્વશીબેન પટેલ તથા બ્ર.કુ. અરૂણાબેન.



સુરત મોટા વરાછામાં 'સ્વાસ્થ્યથી આનંદ' કાર્યક્રમમાં પ્રો. રમેશભાઈ, એરફોર્સમાં કારગીલ યુધ્ધના પીઢ પૂર્વ અધિકારી હરેનભાઈ ગાંધી, યોગા-ફીટનેસ કોચ સુરેશભાઈ, બ્ર.કુ. મીનાબેન, બ્ર.કુ. દક્ષાબેન.



અમદાવાદ નારોલ  ખાતે 'આઝાદીના અમૃત મહોત્સવ' કાર્યક્રમમાં શિક્ષિકા રાધિકાબેન તિવારી, રેખાબેન, એડવોકેટ રોશનભાઈ તથા કલાકારો સાથે બ્ર.કુ. રંજનબેન તથા બ્ર.કુ. સંધ્યાબેન.



રાજકોટ અવધપુરી સેવાકેન્દ્ર ખાતે ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિવસની ઉજવણી બાદ રાષ્ટ્રગાન કરતાં બાળ કલાકારો, બ્રહ્માકુમારી બહેનો સાથે બ્ર.કુ. રેખાબેન.



રાજકોટ પંચશીલમાં 'વિશ્વ કેન્સર દિને' આયોજીત જાગૃતિ કાર્યક્રમમાં વૉકહાર્ટ હોસ્પીટલના એન્કોલોજીસ્ટ ડૉ. શ્વેતા તેલડા તથા મેડીકલ ટીમ સાથે બ્ર.કુ. અંજુબેન, બ્ર.કુ. ભગવતીબેન.



પોરબંદર સેવાકેન્દ્ર પર આયુર્વેદિક કેમ્પ અને ઉકાળા વિતરણ કાર્યક્રમમાં જેસીસ મહિલા વીંગના ચેરપર્સન હેતલબેન બાપોદરા તથા જેસીસ ગ્રુપ સાથે બ્ર.કુ. ગીતાબેન.




બારડોલીમાં જૈન સમાજ દ્વારા નશામુક્તિ કાર્યક્રમમાં અણુવ્રત સોસાયટીના અધ્યક્ષ ભગિની પાયલબેન, ઉપાધ્યક્ષ ભગિની અકુંર મહેતા તથા અન્ય જૈન પરિવાર સાથે બ્ર.કુ. જયશ્રીબેન.

# Gyan Amrit
# જ્ઞાનામૃત

વર્ષ ૧૫ માર્ચ - ૨૦૨૨ અંક : ૦૩

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર**


## અમૃતસૂચિ


- દ્રઢ વૈરાગ્ય ....................................તંત્રી સ્થાનેથી ..04
- શિવરાત્રિ ................................બ્ર.કુ. જગદીશચંદ્ર ..06
- રાજયોગિની દાદી જાનકીજી ..................................08
- પ્રસન્નતાના પથ પર ....................બ્ર.કુ. શિવાનીબેન ..11
- કર્મયોગની તપસ્યા ..........................બ્ર.કુ. સૂર્યભાઈ ..12
- શિવરાત્રિનું સ્વરૂપ........................બ્ર.કુ. ભારતીબેન ..16
- વાહ મારો પ્રિય પરિવાર વાહ .........બ્ર.કુ. ગોદાવરીબેન ..20
- દિવ્યદર્શન ................................બ્ર.કુ. નંદિનીબેન ..22
- શિવ હૃદયના સ્વામિની ....................બ્ર.કુ. હેમંતભાઈ ..24
- મહાશિવરાત્રીનું આધ્યાત્મિક મહાત્મ્ય ..બ્ર.કુ. સુરેખાબેન ..27
- પ્રસંગ પરિમલ ..................................................29
- ગોડલી વુડ સ્ટુડીયો ...........................................30
- રાજયોગી જીવનનો અનુભવ .......બ્ર.કુ. બાબારામભાઈ ..32


### લવાજમના દર

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૧૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨,૦૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૨.૦૦ |

**વિદેશમાં**

| | | |
|---|---|---|
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧,૧૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૦,૦૦૦.૦૦ |


કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું
**પ્રો ડૉ. કાલિદાસ ધૂળાભાઇ પ્રજાપતિ**
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
**Phone : 079 - 2762 0866**



**મુદ્રક અને પ્રકાશક**
**ભારતી રણછોડદાસ સોમૈયા**


**-:- વિશેષ નોંધ -:-**

જ્ઞાનામૃતના નવા સભ્યો સમગ્ર વર્ષ દરમિયાન પણ બની શકે છે. તેમને જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીના દરેક મહિનાના અંક મળશે. જેમનું લવાજમ જમા કરાવવાનું બાકી હોય, તેઓને સત્વરે જમા કરાવીને જાણ કરવા વિનંતી.

### આવશ્યક નોંધ

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય**

Account No. : **03290100041261** IFSC Code : **BARB0GITAMA**
Bank Name : **BANK OF BARODA, Geeta Mandir Branch**


**પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય**

**બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.**
**Phone: 079 - 2532 4460**

**Email :** gyanamrit.guj@gmail.com

## તંત્રી સ્થાનેથી

# દ્રઢ વૈરાગ્ય

એકવીસમી સદી વિજ્ઞાનની વૈવિધ્યસભર અદ્યતન શોધોને કારણે સુવિધા, સર્જન અને સંહાર માટે પણ નિમિત્ત બની છે. આજે નજીવા અપવાદને બાદ કરતાં ધર્મસ્થાનો, તીર્થસ્થાનો, આધ્યાત્મિક સંસ્થાઓ પણ આધુનિક સુવિધાઓ અને સંચાર ઉપકરણોથી સજ્જ છે. તેને લીધે ભૌતિકતામાં વૃદ્ધિ થઈ છે. સાદાઈનું સ્થાન ભવ્યતાએ લીધું છે. ધાર્મિક, આધ્યાત્મિક પ્રવૃતિઓ પ્રસિદ્ધિના શિખરે પહોંચી છે. વિશેષ ત્યાગ, તપસ્યા અને સેવા સાથે સંકળાયેલા સાધકો માટે એક પ્રશ્ન ઊભો થઈ જાય છે. આ બધામાં દૃઢ વૈરાગ્ય ક્યાં છે ? સૂક્ષ્મદર્શક યંત્રથી વૈરાગ્યની હલચલોને નિહાળવા પ્રયત્નો કરીએ, તો નિરાશ થવા જેવું નથી. વૈરાગ્યની દૃઢભાવનાનાં પણ દર્શન થાય છે. તે માટે ગહન હકારાત્મક, ગુણગ્રાહી દૃષ્ટિ જોઈએ.

આધ્યાત્મિક પુરુષાર્થની કેડીએ વિહરતાં વૈવિધ્યસભર અનુભવોની અનુભૂતિ થાય છે. લૌકિક અને આધ્યાત્મિક જગતના માપદંડો અલગ અલગ છે. તેથી આધ્યાત્મિક માર્ગે પ્રયાણ કરવા આત્મા કેમ તત્પર થયો તેનાં પરિબળોનો અભ્યાસ કરવો જરૂરી છે. તેની ગતિનો આધાર વાતાવરણ, સંજોગો કે પરિસ્થિતિ ઉપર રહેલો છે.

માનવ બુદ્ધિશાળી પ્રાણી છે. સામાજિક પ્રાણી છે. સમાજજીવનમાં તેને કડવા દુઃખદ અનુભવો થાય છે. તે તેના જીવનમાં આવતા વૈરાગ્ય માટે નિમિત્ત બને છે. સગાં, સંબંધી, મિત્રો કે પરિચિતો વગેરે સ્વજનોના અગ્નિ સંસ્કાર માટે સ્મશાનમાં જવાનું થાય છે. રુદન, શોક, આઘાતનાં દૃશ્યો અને શબને જોતાં મન વિચારે ચઢે છે. આપણે પણ એક દિવસ અહીં આવવું પડશે. જીવનની ક્ષણભંગુરતાનો બોધ થાય છે. ખોટાં કર્મો બંધ કરી પુણ્ય અને સત્કર્મો કરવા તરફ મનનું વલણ વધતું જાય છે. સ્મશાનમાંથી ઘેર આવીએ છીએ. થોડા દિવસો પસાર થાય છે અને **સ્મશાની વૈરાગ્ય** પણ લુપ્ત થાય છે.

યૌવનાવસ્થામાં, જીવનની ભિન્ન ભિન્ન વયે લાગણીસભર હૃદયનાં સ્પંદનો ઉઠતાં હોય છે. પણ પ્રણયભંગ, નિષ્ફળતા કે હતાશાની પળોમાં વૈરાગ્ય જન્મે છે. કોઈના વ્યવહારથી આવેશમાં આવતાં, માનહાનિની ઘટનાઓ બનતાં, આર્થિક નુકસાન થતાં, વિશ્વાસઘાત, છેતરપિંડી, દગાબાજીનો ભોગ બનતાં આપણું દુનિયા પરથી મન હટી જાય છે. વૈરાગ્ય આવે છે. હિંસા, ભિન્ન ભિન્ન રોગો, પ્રાકૃતિક આપદાઓ પણ વૈરાગ્ય માટે નિમિત્ત બને છે. ભિન્ન ભિન્ન પ્રસંગો કે ઘટનાઓના કારણે આવેલો વૈરાગ્ય લાંબો સમય ટકતો નથી. અભાવની સ્થિતિ દૂર થતાં, સંજોગો બદલાતાં વૈરાગ્યભાવ ઓસરવા લાગે છે. તેથી **અલ્પકાલીન વૈરાગ્ય**ની આડમાં રહેલી દીવાલ તૂટી જાય છે. ત્યાગની દીવાલ તૂટતાં વૈરાગ્યભાવ લુપ્ત થાય છે.

આજે ધર્મના નામે થતા ઉત્સવોમાં કાર્યક્રમોમાં, તેના અનુયાયીઓની સંખ્યા જોતાં, તેની પાછળ થતા લાખો રૂપિયાના ખર્ચને જોતાં તેની ગુણવત્તા નક્કી કરવાનો કે તે પ્રત્યે અહોભાવ પ્રગટ કરવાનો ઊમળકો જાગે છે. પણ **આધ્યાત્મિકતાનો પાયો જે વૈરાગ્ય છે. તેના માપદંડ દ્વારા જ આધ્યાત્મિક પથની ઉન્નતિનો આધાર રહેલો છે. વૈરાગ્યના પાયા ઉપર આધ્યાત્મિક જીવનની ઈમારત સુંદર રીતે શોભી ઉઠે છે, ટકી શકે છે.** તેથી આજે જ્યારે

અધ્યાત્મની વાતો થાય છે ત્યારે તેના મૂલ્યાંકનમાં વૈરાગ્યનાં મૂળ કેટલાં ઊંડાં છે તે તપાસવું પડશે. તે માટે વ્યક્તિનું પૂરું માનસશાસ્ત્રીય અધ્યયન કરવું જરૂરી છે. વ્યક્તિની રસ, રુચિ, ટેવો આદિ દ્વારા તેના આધ્યાત્મિક જીવનની દિશા પકડી શકાય છે.

ભક્તિમાર્ગમાં, જ્ઞાનમાર્ગમાં પણ વૈરાગ્યનું મહત્ત્વ સ્વીકારાયેલું છે. નરસિંહ મહેતાએ ‘વૈષ્ણવજન’ કાવ્યમાં દૃઢ વૈરાગ્યનું મહત્ત્વ સ્વીકાર્યું છે. મધ્યકાલીન કવિ નિષ્કુળાનંદે ગાયું છે કે **‘ત્યાગ ન ટકેરે, વૈરાગ્ય વિના, કરિયે કોટી ઉપાયજી’** આમ સાધનાપથમાં વૈરાગ્ય પાયામાં છે. પિતાશ્રી પ્રજાપિતા બ્રહ્માએ દૃઢ વૈરાગ્યના પાયા ઉપર આ સંસ્થાની સ્થાપના કરી. જે આજે પણ તેનાં દિવ્ય, અલૌકિક મૂલ્યોનું જતન કરીને વિશ્વવ્યાપી બની છે.

જેઓ રાજયોગપથના પ્રવાસી બન્યા છે તેઓમાં કેટલાક ગુણો પ્રારંભમાં જ દેખાય છે. સંચિત કર્મ, પરમાત્મા પ્રત્યેની લગન, નિર્વ્યસની, સદાચારી જીવન પ્રત્યેનો પ્રેમ, શાશ્વત મૂલ્યોમાં શ્રદ્ધા, પરિવારનું શ્રેષ્ઠ પ્રેરણાદાયી વાતાવરણ આ બાબતો પણ અધ્યાત્મપથના ખેંચાણ માટે નિમિત્ત બને છે. જ્યારે સાપ્તાહિક કોર્સ, રાજયોગ શિબિર કે દૃશ્ય શ્રાવ્ય સાધનો દ્વારા મળેલા ઈશ્વરીય સંદેશને લીધે પરમાત્મા પ્રત્યેનું ખેંચાણ વધે છે. નિયમિત મુરલી શ્રવણ અને યોગાભ્યાસ વધતાં વૈરાગ્યભાવ તીવ્ર બનતો જાય છે. **ઈશ્વરીય જ્ઞાનને ગહનતાથી સમજીને, ઊંડાણપૂર્વકના અભ્યાસ, યોગની મહાનતા અને દિવ્ય અનુભૂતિઓના કારણે બનતી જતી પરિપક્વ અવસ્થાથી વૈરાગ્યભાવ દૃઢતામાં પરિણમે છે.**

**જેમ જેમ વૈરાગ્યભાવ દૃઢ થતો જાય છે તેમ તેમ દેહ અને દેહના સંબંધો પ્રત્યે આત્મિકભાવ વધતો જાય છે. મોહ, આસક્તિ શુદ્ધ પવિત્ર સ્નેહમાં પરિવર્તિત થાય છે.** કર્મેન્દ્રિયો ઉપર સંપૂર્ણ આધિપત્ય સ્થપાય, કર્મેન્દ્રિયો દ્વારા ભોગવાતા ભિન્ન ભિન્ન રસો ઉપર નિયંત્રણ આવે, સારાસારનો વિવેક જાગૃત થાય અને યોગીજીવનના નિયમો અને મર્યાદાઓ અનુસાર વ્યવહાર થાય, જે દિવ્ય, અલૌકિક હોય ત્યારે દૃઢ વૈરાગ્યની પ્રત્યક્ષતા થાય છે.

દૃઢ વૈરાગ્યભાવ જાળવવા માટે સંત્રીની જેમ જાગૃત રહેવું પડે છે. સંગદોષનો, વાયુમંડળનો, કોઈ પ્રભાવશાળી વ્યક્તિનો આપણા ઉપર નિરર્થક પ્રભાવ ના પડે તે માટે જાગૃતિ જરૂરી છે. **આજનું સુખસુવિધાઓયુક્ત ભૌતિક વાતાવરણ આપણી ચેતનાને પ્રભાવિત ના કરે તે માટે ઈશ્વરીય યાદ દ્વારા વૈરાગ્યનો અગ્નિ સદા પ્રજ્વલિત રાખવો પડે છે.** આપણાં દાદીઓની વૈરાગ્યભાવનાને જ્યારે તેના નૈસર્ગિકરૂપમાં જોઈએ છીએ ત્યારે આપણું મસ્તક આદરભાવથી ઝૂકી જાય છે. તેમનાં જેટલાં ગુણગાન કરીએ તેટલાં ઓછાં છે. આવાં અનેક રત્નો છે.

ત્યાગ, તપસ્યા, સેવા, દિવ્યગુણ સંપન્ન સાધકો વૈરાગ્યના રંગે એવા રંગાયા હોય છે કે વિપરીત સંજોગો, પરિસ્થિતિ કે વાતાવરણ પણ તેમના વૈરાગ્યભાવને ચલિત કરી શકતાં નથી. દીદી મનમોહિનીજી અને દાદી પ્રકાશમણિજીએ વૈરાગ્યની ગહનતામાં જઈ જીવનને જે રીતે નષ્ટોમોહા સ્મૃતિસ્વરૂપ બનાવ્યું હતું તે પુરુષાર્થ ઉલ્લેખનીય, અવર્ણનીય છે.

રાજયોગીની વૈરાગ્યભાવના નિવૃત્તિમાર્ગના સન્યાસી જેવી નથી. તેના વૈરાગ્યમાં સ્વના કલ્યાણ સાથે વિશ્વ કલ્યાણની ભાવના સમાયેલી છે. તેથી સૌ કોઈ સુખ, શાંતિ અને દિવ્યાનંદના આ પથ ઉપર ચાલીને પરમાત્મા પાસેથી પોતાનો દિવ્ય, અલૌકિક વારસો મેળવે તે હેતુથી સતત

**(અનુસંધાન પેજ નં. 15 પર)**

# શિવરાત્રિ

બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી



આધ્યાત્મિક રહસ્યોથી પરિપૂર્ણ આયોજિત, પર્વનું રૂપ ધારણ કરીને સંસ્કૃતિનું સંરક્ષક બની જાય છે. અતીતની કેટલીક અમૂલ્ય પળો જેનાથી આપણે સાધારણથી અસાધારણ થયા હતા. એની સ્મૃતિ દિવસ છે આ પર્વ. આજે પણ પર્વ આવે છે અને જાય છે. પરંતુ કંઈ વિશેષ બનતું નથી. ભૌતિકતા જ્યાં છે ત્યાં જ છે કટુતા વધતી જાય છે. પછી શા માટે આપણને પર્વોથી મોહ છે? જીવનના મૂલ્યો બદલાય રહ્યાં છે. આ નિર્જીવ પર્વોને આપણે શા માટે છોડી શકતા નથી? પરંતુ ના. આ એવી ચાવીઓ છે તેનાથી દરેક દ્વાર ખૂલ્યાં હતાં પરંતુ આજે દ્વાર લુપ્ત થઈ ગયાં છે. આપણા હાથમાં માત્ર આ ચાવીઓ જ રહી ગઈ છે. જે નિરર્થક પ્રતીત લાગે છે. પરંતુ એ આશા પર કે ક્યારેક તો દ્વાર ખુલશે.

## શિવથી અલગ હવે માત્ર રાત્રિ જ રહી ગઈ

શિવરાત્રિ એક એવું પર્વ છે જે સર્વ શ્રેષ્ઠ હોવા છતાં આજે એનો સર્વ શ્રેષ્ઠતા, એની પાવનતા લુપ્ત થઈ ગઈ છે. કારણ કે માત્ર રાત્રિ જ રહી ગઈ. 'શિવ' વિસ્મૃત થઈ ગયા રાત્રિમાં ગહનત્તમ માનવને શિવ પાસેથી અશિવની તરફ લઈ ગયા. શુભ રાત્રિ (Good Night) કહેવાની પ્રથા તો પ્રચલિત થઈ પરંતુ 'શિવ'થી દૂર 'શુભ' ક્યાં છે? શુભ-રાત્રિ, વિષ-રાત્રિ એ કાલ-રાત્રિમાં બદલાય ગઈ. સતયુગ અને ત્રેતાયુગનો સુખમય દિવસ આથમી ગયો, દ્વાપરની ભક્તિમય સંધ્યા પણ ચાલી ગઈ. બાકી રહ્યો છે કલિયુગની ઘટાટોપ રાત્રિનું વિસ્તૃત સામ્રાજ્ય, જ્યાં અજ્ઞાન અધિષ્ઠાતા છે. અધર્મ જ કાર્ય અને કારણ છે. અને છે દુ:ખ, અશાંતિનું નિર્મમ અટ્ટહાસ્ય.

## શિવને છોડીને વિષની તરફ

રાત્રિ વીતી રહી છે. અધિક્તરની રાત વિષય વાસનાઓમાં ડૂબી વિષ રાત્રિ બની ગઈ છે. નર-નારી, યુવા-વૃદ્ધ સૌ ધર્મ, કર્મ, શરમ અને મર્યાદાઓને ભૂલીને કામવાસનામાં ડૂબી રહ્યા છે. સંપૂર્ણ કાર્ય વ્યાપારનો આધાર આજ કામ-વિષ છે. ક્યાં શિવસ્મૃતિથી સુકર્મોની સૃષ્ટિ અને ક્યાં વિષમય સ્મૃતિથી પ્રત્યેક કર્મ, કુકર્મનું ભયાનક રૂપ ધારણ કરી રહ્યું છે. સંકલ્પોમાં અશુદ્ધ ચિંતન અને ચિંતાનું વિષ દેખાય છે. નેત્રોમાં કુદૃષ્ટિ અને દોષ દૃષ્ટિની ભયાનક છાયા છે. મુખના કટુ વચનોની વિષાક્ત દુર્ગંધ ઉઠી રહી છે. કાનોમાં નિંદાનું ઝેર ઢોળાય રહ્યું છે. પેટમાં તામસિક ભોજનરૂપી વિષ પોતાનો પ્રભાવ પ્રત્યક્ષ કરી રહ્યું છે. હાથ કુકૃત્યોથી રંગાયેલા છે. પ્રકૃતિ અને પુરુષથી બનેલા સંપૂર્ણ વિશ્વથી વિષાક્ત ધુમાડો ઉઠી રહ્યો છે. પ્રત્યેક જીવ સાપ-સાપિણીની જેમ એકબીજાને ડંસી રહ્યા છે.

## શિવ-સ્મૃતિથી રહિત માનવ, શબ માત્ર

શિવથી વિમુખ આજે દરેક પ્રાણી 'શબ' બનીને રહી ગયા છે. પ્રત્યેક સંકલ્પ, વચન અને કર્મ 'શિવ-સ્મૃતિ'માં અર્થાત્ હું શરીર છું. એ દેહ અભિમાનમાં અભિભૂત થઈ રહ્યા છે. એમ લાગે છે કે સંપૂર્ણ જગતમાં ભૂતોનો વાસ થઈ રહ્યો છે. કારણ કે પ્રત્યેક માનવ સ્વયંને પંચભૂતોથી નિર્મિત

'શરીર' માત્ર હી અનુભવ કરી રહ્યું છે. દુ:ખ-હર્તા સુખ-કર્તા શિવથી વિમુખ આજે અધિક્તરની રાત્રિ રોગોથી પરિપૂર્ણ છે. ભોગનો પુત્ર રોગ એને સતાવી રહ્યો છે. દૈવિક દૈહિક અને ભૌતિક તાપોથી પરિપૂર્ણ રાત્રિ હાહાકારમાં વીતી રહી છે. કર્મગતિનું જ્ઞાન ન હોવાને કારણે હીરા જેવું જીવન શોકથી ભરેલું, વ્યર્થ જઈ રહ્યું છે. દરેક તરફ ઘનઘોર, અંધારું, એવું કોઈ નથી જે દુ:ખીઓનાં દુ:ખ દૂર કરે, ધીરજ બંધાવે.

## ભટકવું અને શોધમાં ભક્તની રાત્રિ

આ રાત્રિની એક બીજી ઝલક પણ છે ત્યાં ભક્તનું ભટકવું, તડપ અને ઉલઝન છે. દેવતાઓ, ગુરુઓ અને ઈષ્ટ રૂપોની ભરમારમાં, તે પરમપ્યારા પરમાત્મા શિવથી અજાણ, ક્યારે શિવલિંગ ઉપર જળ ચઢાવી રહ્યો છે તો કદી જટાધારી, સૂક્ષ્મ શરીરધારી આકારી દેવતા શંકરને પોકારી રહ્યો છે. દીવો સળગી રહ્યો છે. પરંતુ હૃદયમંદિરમાં અજ્ઞાનતાનો અંધકાર છે. વ્રત રાખ્યું છે પરંતુ ચિત્ત દૂષિત વૃત્તિઓથી ભરેલું છે. કામરૂપી ઉંદર એના નૈવેદ્યને ખાય રહ્યો છે. પરંતુ તે અભાગી અનભિજ્ઞ ઊંઘમાં ઊંઘી રહ્યો છે અશિવ અને સત્ય, અસુંદર અને સુંદરમાં ભેદ રહેવો આજે એના માટે મુશ્કેલ બની રહ્યું છે. વેદ, ઉપનિષદ, પુરાણ કથા-કીર્તન, સર્વ સાધનો એક રિવાજ હોય તેમ દેખાય છે. મંદિરના ઘંટની ધ્વનિમાં શિવાલયમાં બેઠેલો ભક્ત સાચા શિવથી દૂર, શિવ-સ્મૃતિને ભૂલીને, નયનહીન બની સીમાહીન અંધકારમાં ઠોકરો ખાઈ રહ્યો છે.

## રાજયોગીની રાત્રિ


પરંતુ દૂર એક દીપ સળગી રહ્યો છે. અંધકારના વિશાળ સામ્રાજ્યને પડકાર આપતો પ્રતીત થઈ રહ્યો છે, રૂપેરી પ્રકાશની અલૌકિક આભામાં એક મુખમંડળ દીપ્ત થઈ રહ્યું છે. સ્વયંને એક શુદ્ધ આત્મ નિશ્ચય કરીને, નયનોમાં સ્નેહ-સ્મૃતિ, મનમાં સંબંધ - સ્મૃતિ, બુદ્ધિમાં જ્ઞાન-આવૃત્તિ અને સંસ્કારોમાં વિકારોથી નિવૃત્તિ માટે, રાજયોગી પોતાના પરમ પિતા પરમાત્મા શિવથી મંગલ-મિલન મનાવી રહ્યા છે. શું એની પાસે વિષ નહોતું? પરંતુ એમણે બધું 'વિષ' 'શિવ'ને અર્પિત કરી દીધું.

## હવે શિવ એમનું કર્તવ્ય ફરી કરી રહ્યા છે

જ્ઞાનની ગંગા શિવથી પ્રવાહિત થઈ પતિતને પાવન બનાવી રહી છે. રુહાની યાદના યાત્રી રાહી અમરનાથની પાવનયાત્રા ચાલી રહી છે. અમરનાથ બાબા એમને અમરકથા સંભળાવીને અમરલોકના સ્વામી બનાવી રહ્યા છે. કાળોના કાળ સદાશિવ એને અકાલતખ્ત પર સ્થિત કરીને અકાલમૂર્ત બનાવી રહ્યા છે. રાજયોગી, પોતાના અંતર્મનનું સંપૂર્ણ કડવાપણું અને જૂઠા દૈહિક રૂપનો નશો 'ધંતૂરાં' શિવને અર્પિત કરી રહ્યો છે. સોમનાથ શિવ એને જ્ઞાનરૂપી સોમરસનું પાન કરાવી રહ્યા છે. જેને પીને તે નારાયણી નશામાં ઝૂમી રહ્યો છે. શિવ આ સાચા વર્તી અને સાધકને ઝેરી વિકારો રૂપી સર્પોથી બચાવીને એને દિવ્યગુણોની ભભૂતિથી સજાવી રહ્યા છે. શિવ ગોપેશ્વર એને જ્ઞાનનાં ગોપનીય રહસ્યો સ્પષ્ટ કરી ત્રિનેત્રી, ત્રિકાળદર્શી અને ત્રિલોકીનાથ બનાવી રહ્યા છે. ત્રિમૂર્તિ શિવથી જ્ઞાન પ્રકાશ પ્રાપ્ત કરીને રાજયોગી પૂનમના ચંદ્ર સમાન સોળે કળાએ સંપૂર્ણ બની રહ્યો છે. જ્ઞાનસૂર્યના ઉદિત થવાથી અંધકાર વિલીન થઈ રહ્યો છે અને ચારે બાજુ સુખશાંતિ પ્રવાહિત થઈ રહી છે. આ છે શિવ-રાત્રિ, શુભ-રાત્રિ, જેની સ્મૃતિ આજે લોકો એમ કહીને કરી રહ્યા છે કે શિવના ભંડારા ભરપૂર, કાલકંટક દૂર. **॥ઓમશાંતિ॥**

# રાજયોગિની દાદી જાનકીજી

## પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ





**રાજયોગિની મોહિનીદીદી, (ન્યૂયોર્ક)**
**અધિક મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ**

દાદીનો દરેક સંકલ્પ, દરેક બોલ, એમનું દરેક કર્મ અમારા માટે એક ઉદાહરણ હતું. અમને એમની પાસેથી પ્રેરણા મળતી હતી. પરંતુ આપણ સૌની અંદર જે ગુણની આવશ્યકતા હતી તે પ્રગટ થઈ જતું હતું. ક્યારે ઉદાસ મન યા ઉમંગની સાથે જ્યારે દાદી સામે બેસી જતાં તો એ સમયે દાદીને જોઈને, દાદીની સાથે બેસીને ગુણોની પ્રાપ્તિ થતી હતી. શક્તિઓનો અનુભવ થતો હતો. દાદી મુખથી બોલીને ઓછું પરંતુ પોતાના ગુણોથી સૌને શિક્ષા આપતાં હતાં. દાદીમાં ઘણી વિશેષતાઓ હતી. એમનું દિલ દયાથી ભરપૂર હતું. દાદી હંમેશાં એ વિચારતાં કે કઈ રીતે દરેકને પ્રાપ્તિ સ્વરૂપ બનાવું યા કોઈપણ પ્રકારની અમે આવશ્યકતા હોય તો દાદી એક ચેરિટેબલ સોલ, પુણ્ય આત્માની જેમ હંમેશા દાતા અને વરદાતા બનીને અમને આપતાં હતાં.



**રાજયોગિની જયંતીદીદી, (લંડન)**
**નિર્દેશિકા, યુરોપ**

દાદી વિદેશમાં રહ્યાં. એ વર્ષોની અંદર બાબાનું કાર્ય 120 દેશોમાં ફેલાયું હતું. મારી લૌકિક માતા (રજનીબેન) જ્ઞાનમાં હતાં પરંતુ લૌકિક પિતા (મુરલીદાદા) જ્ઞાનમાં નહોતા પરંતુ દાદીની સાથે એમનો ઘણો સ્નેહભર્યો સંબંધ હતો. બાબાએ દાદીને ઈશારો આપ્યો હતો કે આ સારો આત્મા છે. તમે સદા એમનું ધ્યાન રાખજો. તો દાદી ફોન પણ કરતાં રહેતાં. તો ક્યારેક ટોલીઓ (પ્રસાદ) ક્યારે ક્યારે ભોજન પણ મોકલતાં હતાં તો આ રીતે મારા લૌકિક પિતાને બાબાના યજ્ઞની નજીક આવવાનો મોકો મળ્યો. એમનું દિલ પીગળી ગયું અને તેઓ ભિન્ન ભિન્ન કાર્યોમાં સહયોગી બન્યા અને જ્યારે પહેલું ડેલિગેશન આવ્યું તો દાદીએ અમને પત્ર લખ્યો હતો કે બાબાના પાંચ બાળકો (બ્રહ્માવત્સો) આવી રહ્યાં છે. અમેરિકા જઈ રહ્યા છે. કોન્ફરન્સના નિમંત્રણ પર તો શું આપ ઈચ્છો છો કે લંડનમાં રોકાય. પિતાજીનું દિલ ઘણું મોટું હતું. સામાજિક રૂપથી તો એમણે તરત હા કહી હતી. તો પાંચ આત્માઓ અમારા ઘર પર આવીને રહ્યા. વિદેશમાં કોઈ પણ સેન્ટર નહોતું. તો અમે એ જોયું કે બાબા કદી કોઈનું રાખતા નથી. ભવિષ્યમાં જે મળશે તે ખરું પણ આ જન્મમાં ભગવાન રિટર્ન તરત જ આપે છે. તો મુરલીદાદએ જે પાંચ આત્માઓને એક માસ માટે ઘણા પ્રેમથી પોતાના ઘરમાં રાખ્યા. તો બાબાએ એનું રિટર્ન એ આપ્યું કે જ્યારે તેઓ એકલા પડી ગયા. રજનીબેનના અવ્યક્ત થયા પછી બાબાએ એમને લગભગ 16 વર્ષ ફાઈવ સ્ટાર હોટલની પાલના આપીને રાખ્યા. દાદીના સંગમાં રહીને છેલ્લે તેઓ દાદીની દૃષ્ટિ લઈને બાબાની પાસે ઉડી ગયા. તો દાદીની પાલના અને બાબાની આજ્ઞા અને એ આત્માનું ભાગ્ય તો બાબા તરત જ અવશ્ય આ જન્મમાં દરેક પ્રકારનું રિટર્ન આપે છે.



**બ્ર.કુ. હંસાબેન (લંડન)**
**દાદી જાનકીજીના અંગત સચિવ, શાંતિવન, આબુરોડ**


અમે દાદીને ખૂબ જ નજીકથી જોયા જાણ્યાં અને અનુભવ કર્યો કે કઈ રીતે દાદીએ ભગવાનને પોતાના જીવનમાં વસાવી લીધા હતા. કઈ રીતે તેઓ સ્મરણ કરીને બીજાઓને સ્મૃતિ અપાવતાં કે મારું કોણ અને મારે શું કરવાનું છે.‘ દાદીજીને જે પણ મળવા આવતાં તેઓ હંમેશા એમનો બુદ્ધિયોગ બાબા સાથે જ જોડાવતાં પાર્ટીમાં આવનાર ભાઈ બહેનો મને એ વિનંતી કરતા કે પ્લીઝ બહેનજી અમને દાદીજીની એક મિનિટની દૃષ્ટિ અપાવો. કારણ કે તે એક મિનિટની દૃષ્ટિ એમના માટે લાઈફ ટાઈમ યાદગાર બની જતી. દાદી એક મિનિટની દૃષ્ટિમાં સર્વને નિહાલ કરી દેતાં હતાં. દાદીજીના જીવનમાં એ પણ જોયું કે એમણે કોઈપણ કાર્ય કાલ ઉપર છોડ્યું નહીં જે પણ કરવાનું છે અત્યારે કરી લો કાલ કોણે જોઈ છે. તો અમે એમના જે સેવા સાથી હતા. તેઓ મિલેટ્રીની જેમ સદા રેડી રહેતા હતા. દાદી ઈશારો આપે અને અમે તરત જ કરી લેતાં હતાં. દાદી કદી બાબાની સેવામાં ના પાડતાં નહોતા. પણ તેઓ ઈચ્છતાં હતાં કે અમે પણ એમની પાસેથી સેવા કરાવીએ બીજા લોકોને પણ મળાવીએ તો આવાં દાદી સર્વના દિલોમાં છાપ છોડીને ગયાં. દાદી સ્વયં કહેતાં હતાં કે હું ‘જાન કી’ છું. અને ખરેખર તેઓ બધાંના દિલોને સ્પર્શી ગયાં આજે આપણે સૌ એમને યાદ કરીએ છીએ. તો આપણને એમના જીવનમાંથી એ શીખવા મળે છે કે દાદીએ જે કર્યું તેના કદમ કદમ પર આપણે સૌ આગળ વધીએ જ્યારે હું પૂનામાં 1968માં હતી તો એ સમય દાદીની દૃષ્ટિએ મારા ત્રીજા નેત્ર (આત્મા)નું ઓપરેશન કર્યું. અને ત્રીજું નેત્ર ખૂલી ગયું. પછી તો આખું જીવન બાબાની સાથે ચાલતી રહી. સમગ્ર વિશ્વમાં જે આત્માઓનો ડ્રામા અનુસાર આરંભનો પાર્ટ હતો તેઓ નજીક આવતા હતા. 40 વર્ષ જે સેવા કરી હતી. તે આજે મને બહુ યાદ આવે છે.



**રાજયોગી બ્ર.કુ. સૂર્ય,**
**જ્ઞાન સરોવર, માઉન્ટ આબુ**

સ્વયં ભગવાન શિવે આ ધરા પર અવતરિત થઈને મહાન રુદ્ર ગીતા જ્ઞાન યજ્ઞની સ્થાપના કરી હતી અને આ સ્થાપનામાં જે પવિત્ર અને મહાન આત્માઓએ પોતાના જીવનને કુરબાન કર્યું અર્થાત્ પોતાના શરીર રૂપી અશ્વને સ્વાહા કરી દીધો. એમાંના એક હતાં દાદી જાનકીજી જેને સ્વયં બ્રહ્માબાબા ‘જનક’ કહીને બોલાવતા હતા. કારણ કે દાદી વધારે સમય વિદેહી સ્થિતિમાં રહેતાં હતાં. યોગયુક્ત જ્ઞાન ચિંતનમાં મગ્ન, પોતાનું સર્વસ્વ સ્વાહા કરનાર દાદીજી બ્રહ્માકુમારીઝનાં મુખ્ય પ્રશાસિકા રહ્યાં. અને એ પહેલાં એમણે અનેક દેશોમાં જઈને ઈશ્વરીય જ્ઞાન અને યોગનો ધ્વજ ફરકાવ્યો. તેઓ એવા આત્મા હતાં કે અંગ્રેજી ના જાણતાં હોવા છતાં અનેક દેશોના લોકોને રાજયોગી, પવિત્ર સાત્વિક બનાવવામાં સફળ રહ્યાં. અનેક ઈશ્વરીય વરદાન એમની સાથે હતા. અનેક ઈશ્વરીય શક્તિઓ એમણે સંગ્રહિત કરી હતી. તેઓ એક શ્રેષ્ઠ યોગિની હતાં. મેં એમને 52 વર્ષ સુધી જોયાં. હું જોતો હતો પોતાના ચિંતનમાં રહેનાર અહીં તહીં ના જોનાર, ડીપ સાયલેન્સની અનુભૂતિ કરીને ચારે બાજુ શાંતિનાં વાયબ્રેશન ફેલાવનાર આ મહાન આત્મા, અમારી વચ્ચે હતાં. અમે ઘણા ગૌરવાન્વિત હતા. આ મહાન

યજ્ઞ, આ ઈશ્વરીય બ્રાહ્મણ પરિવાર, આવા મહાન આત્માઓથી સુશોભિત છે. તેઓ પરમપવિત્ર છે. જે પૂજનીય છે. જે અનેક ગુણોથી સંપન્ન છે. તો આવી મહાન તપસ્વિની આ સંસારને છોડીને સૂક્ષ્મ લોકમાં, વતનવાસી બન્યાં. ફરિશ્તા બન્યાં. વિશ્વ સેવા માટે તેઓ આ ધરા પર જાણે અવતાર હતાં. વરદાની મૂર્ત હતાં. આ મહાન આત્માઓ સંસારની સુંદરતા છે. જ્યારે તેઓ ચાલતાં હતાં ત્યારે સંસારનાં સેંકડો લોકો ઊભા રહી જતા હતા. એમની એક નજર મેળવવા માટે એમને ચાલતાં જોઈને લોકો પ્રેરણા લેતાં હતાં કે ફરિશ્તાની ચાલ આવી હોય છે, એમણે જીવનમાં સદાયે આદર્શ પ્રસ્તુત કર્યા તેઓ જે ક્લાસ કરાવતાં હતાં તે પ્રેક્ટિકલ હતાં, એમના જીવનમાં એ જોવા મળતું હતું. અંતિમ વર્ષમાં જ્યારે એમની શારીરિક સ્થિતિ બહુ સારી નહોતી. પણ જ્યારે તેઓ ક્લાસમાં પહોંચતાં હતાં તો ઘણી પાવરફુલ રીતે કહેતાં હતાં કે આપણે અભ્યાસ કરવાનો છે. હું કોણ, મારું કોણ આ રાજયોગની સર્વ શ્રેષ્ઠ સ્થિતિ છે અને અંત સુધી એ સ્થિતિમાં રહ્યાં. આજે પણ તેઓ સૂક્ષ્મરૂપમાં આપણી વચ્ચે છે. આવા મહાન આત્માને એમની પુણ્યતિથિ પર શત્ શત્ પ્રણામ.



**રાજયોગિની બ્ર.કુ. વેદાંતીબેન, (નૈરોબી)**
**નિર્દેશિકા, આફ્રિકા**

દાદી વિશ્વનાં મા તો છે જ. પરંતુ મારા માટે એક વિશેષમાંથી આગળ વધીને વિશેષ પાર્ટ બજાવ્યો દાદીને જ્યારે પહેલાં મળી તો એવી દૃષ્ટિ મળી, મને અમદાવાદથી આબુ લઈ આવ્યાં. બાબા સાથે મિલન કરાવ્યું. મારું નામ રંજનમાંથી વેદાન્ત કરાવી દીધું. રંગીન કપડામાંથી સફેદ વસ્ત્ર પહેરાવી દીધાં. અને મને યાદ છે શરૂ શરૂમાં જાણે ડર લાગતો હતો તો નાનું દિલ થઈ જતું હતું. કોઈ કોઈ વાતમાં તો દાદીએ શરૂઆતમાં જ કહ્યું વેદાન્તી નાનું દિલ ના કરો. ત્યારથી લઈને આજ સુધી દાદીના ખાલી ડાયરેક્શન યા એડવાઈઝ પર નહીં પણ એ પાવર આપ્યો કે ગમે તે થઈ જાય પણ પરંતુ કોઈ વાતમાં નાનું દિલ કરવાનું નથી. તો દાદીએ મોટું દિલ બનાવી દીધું. એના પહેલાં દાદી વિદેશ યાત્રા પર જઈ રહ્યાં હતા તો હું એરપોર્ટ સુધી મુંબઈ દાદીને બાય બાય ( વિદાય ) કરવા ગઈ. તો મેં દાદીને કહ્યું કે આપ તો વિદેશની સેવા કરવા જઈ રહ્યાં છો. તો હવે ભારતમાં શું કરવાનું છે. તો દાદીએ કહ્યું કે જે મહારથી હોય છે તે દીવાલને જમ્પ લગાવીને તોડીને આગળ વધી જાય છે. દાદીના આ શબ્દો કેટલાક સમય પછી સાકાર થઈ ગયા. મારી આફ્રિકા અને વિદેશ સેવાનો પાર્ટ શરૂ થઈ ગયો. દાદી બહુ બોલતાં નહોતાં. થોડા જ શબ્દો બોલતાં હતાં. પણ તે થોડા શબ્દોમાં સર્વ કાંઈ કહી દેતા હતાં. તો અત્યારે લાસ્ટ જ્યારે મધુવનમાં આવી તો દાદીએ કહ્યું કે દાદી સાથે જેટલું બેસવું છે મળવું છે તેટલું મળી લો. સમયનો કોઈ ભરોસો નથી તો મેં હસીને કહ્યું કે દાદી આપ આફ્રિકા આવશો. બોલ્યાં કે હા, હા હંસા સાથે વાત કરી લો. હંસાએ વાત કરી અને દાદી આવ્યાં. 103 વર્ષની ઉંમરમાં દાદી નૈરોબી આવ્યાં દાદીનો જે દરેક કાર્યમાં પાવરફુલ થોટ હતો તે કાર્ય કરી રહ્યો હતો. આવાં દાદી માટે અમને દિનરાત બાપદાદાને પ્રત્યક્ષ કરવા માટે અમને દૃઢ સંકલ્પ કરવાની તક આપી. આજ પણ મારા દિલથી એ નીકળે છે કે દાદી બોલો. મારે શું કરવાનું છે. હું દરેક વાત કરવા માટે તૈયાર છું.

**॥ ઓમશાંતિ ॥**

### પ્રસન્નતાના પથ પર

# સ્વયંને ઉન્નત બનાવવા તે સૌથી મોટી સેવા છે.

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા



સવારે જ્ઞાનનો ખોરાક લેવા માટે ઓછામાં ઓછો અડધો કલાક પોતાના માટે ફાળવવો જોઈએ. જ્ઞાનનો ખોરાક લીધો. પંદર મિનિટ યોગ અભ્યાસ કર્યો. એનો અર્થ એ કે મેં જે જ્ઞાનનો ખોરાક લીધો તેથી મારે મારા કાર્ય વ્યવહારમાં કઈ રીતે રહેવું તે ભાવના છે. આટલા સમયમાં મેં મારી જિંદગીને ઉન્નત બનાવી. આખો દિવસ સૌની વચ્ચે બહાર ગયા. આપણી ફ્રિક્વંસી ક્યાં છે ? ઉપર. જો આપણી સાથે થોડી લોઅર (નીચલી) ફ્રિક્વંસી પર હશે તો આપણે એમના તરફ ખેંચાઈને જઈશું નહીં. આપણે એમને ઉપર (ઉન્નતકક્ષા) લઈને જઈશું. તો તેનું આપણે દરરોજ નિરીક્ષણ કરવાનું છે. તેથી મન સાત્ત્વિક રહેશે. જો એક મહીના સુધી જ્ઞાન-યોગનો અભ્યાસ કરીશું તો આપણા વિચારોમાં સાત્ત્વિકતા આવશે. એટલી પવિત્રતા આવશે કે તેની સામે કોઈ વાતો ટકી શકશે નહીં. કોઈ પરચિંતન થશે નહીં. ભવિષ્યની કોઈ ચિંતા રહેશે નહીં. તેથી દરેક કામ જલદીથી થશે. આ અનુભવ પછી એવું લાગશે કે આપણે સમય કાઢવો નહીં પડે. સમય મળશે. જ્યારે આપણી ફ્રિક્વંસી ઊંચી હશે તો દરેક કાર્ય જલદીથી થશે. આવનાર સમયને ધ્યાનમાં રાખીને આધ્યાત્મિક પુરુષાર્થ કરવો પડશે. બહાર હવા પ્રદૂષિત હશે. ગુસ્સો જો ઓછો ના કર્યો તો તેમાં વધારો થશે. તનાવ દૂર ના કર્યો તો તે વધુ વધશે. દર્દ દૂર ના કર્યું તો વધતું જશે. આપણે એ દૂષિત હવામાં રહેવું પડશે. એનો અર્થ એ કે આપણે કળિયુગના કામળામાં રહેવું પડશે. તેનાથી મુક્ત થવા માટે દરરોજ આપણે ઉન્નત રહેવું પડશે. જો અત્યારથી જ સ્વયંને ઉન્નત બનાવીએ છીએ તે મોટી સેવા છે. જ્યારે વિમાનમાં હોઈએ છીએ ત્યારે સલામતીની કઈ સૂચનાઓ આપવામાં આવે છે ? કંઈક થયું તો સૌ પ્રથમ ઓક્સિજન માસ્ક પહેરવાં પડે છે. કોણે પહેરવાં પડશે ? આપણે. તો સૌથી પહેલાં કોની સેવા કરવાની છે ? આપણી. સ્વયં પર ઓક્સિજન માસ્ક લગાવ્યા પછી અન્ય લોકોને લગાવી શકીશું.

દરેક ઘરમાં સતયુગી આત્મા હોવો જોઈએ. જેણે ઘરને ઊંચા વાયબ્રેશનમાં લઈ જવાની જવાબદારી ઉઠાવવાની છે. જો એક ઘર ઉન્નત બનશે તો બાકીનાં ઘર પણ ઉન્નત બનશે. પણ લોકો એટલું જ વિચારે છે કે મારે મારું ઘર સંભાળવાનું છે. આપણે ઉન્નત સ્થિતિમાં રહેવા માટે સાત્ત્વિક ધન, સાત્ત્વિક અન્ન, સાત્ત્વિક મન બનાવવાં પડશે. સવારે સવારે (આઠ પહેલાં) અખબાર, ટી.વી., સમાચાર, ફોન, દુનિયાના સમાચારોથી મુક્ત રહેવું જરૂરી છે. કલિયુગી સમાચારો વાંચશો તો મન કલિયુગવાળું બની જશે. સવારે સવારે જ્ઞાન-યોગ-આધ્યાત્મિક શિક્ષણ લેશો, તો મન સતયુગવાળું બની જશે. આપણે સર્વવ્યવહારોમાં કેરફુલ રહેવું પડશે. જ્યારે વ્યર્થથી મુક્ત બનીશું ત્યારે જ સમર્થ બની શકીશું.

॥ ઓમશાંતિ ॥

# કર્મયોગની તપસ્યા

## બ્ર.કુ. સૂર્ય, જ્ઞાન સરોવર, માઉન્ટ આબુ



કર્મના પ્રત્યે પોતાનાપણું એના પ્રત્યેના સ્નેહમાં વૃદ્ધિ કરે છે અને કુરબાનીની ભાવના પ્રગટાવે છે. કર્મમાં કર્તાપણાનો ત્યાગ અનાસક્તવૃત્તિનું નિર્માણ કરે છે. કર્મયોગીમાં કર્મ પ્રત્યે પ્રેમ તથા અનાસક્તભાવ બંને હોવાં જરૂરી છે. પ્રત્યેક મનુષ્ય સતત કર્મરત છે. કર્મ તો સૌ કરે છે પરંતુ કોઈને કર્મ બંધનમાં બાંધે છે અને કોઈ કર્મને બાંધીને ચાલે છે. કોઈને તેનાં કર્મ તકલીફો આપે છે અને કોઈને ખુશી તથા શક્તિ આપે છે. કોઈ કર્મક્ષેત્ર પર મૂંઝવણમાં મુકાઈ જાય છે ને કોઈ કર્મોને ખેલ (રમત જેવાં હળવાં) બનાવી દે છે. તે તો સર્વવિદિત છે કે કર્મબળ જ મનુષ્યને સર્વોચ્ચ લક્ષ્ય પર લઈ જવામાં સક્ષમ છે પરંતુ આજે પ્રત્યેક મનુષ્ય કર્મરત હોવા છતાં પણ દિવસે દિવસે કર્મ કરવાની તથા કર્મ કરાવવાની કળા ભૂલતો જઈ રહ્યો છે.

કર્મ તો સ્વયં ભગવાન પણ કરે છે. છતાં પણ વિદ્વાનો ભગવાનને અકર્તાજ કહે છે. કારણ કે તે મનુષ્યોની જેમ કર્મ કરતા નથી, એમનાં કર્મ દિવ્યકર્મ કહેવાય છે. કર્મ તો યોગી પણ કરે છે પરંતુ એમનાં કર્મ વિશ્વકલ્યાણકારી હોવાને કારણે અલૌકિક તથા મહાન કહેવાય છે. અને કર્મ તો કલિયુગના પાપી માણસો પણ કરે છે પણ એમનાં કર્મ આસુરી ગણાય છે. કર્મ ભલે એક જ પ્રકારનાં હોય આમ છતાં કર્મ કરનાર તેને કઈ સ્થિતિમાં રહીને કરે છે એનાથી જ એની શ્રેષ્ઠતા, દિવ્યતા તથા અસાધારણતા આંકી શકાય છે.

યોગી કર્મ પણ આ સંસારમાં કરે છે અને આ સંસારથી મુક્ત આત્માઓના સંસારમાં રહે છે. એના હાથ પગ અહી ચાલે છે પરંતુ બુદ્ધિ ત્રણે લોકોની સફર કરે છે. તે કાર્યરત અહીં રહે છે પરંતુ એનું મન આનંદદાતા પ્રભુની છત્રછાયામાં વિશ્રામ કરે છે. આવી કલા આપણે સૌએ શીખવાની છે. આપણે કર્મયોગી બનવાની તપસ્યા કરીએ જેથી આપણાં જન્મ જન્મનાં કર્મોનાં બંધન પણ છૂટી જાય અને વર્તમાનમાં પણ આપણાં કર્મ એટલાં મહાન બની જાય કે સમસ્ત વિશ્વ એનું અનુસરણ કરે. આપણાં કર્મ સ્વર્ગના સંસાર માટે વિધાન બની જાય અને સ્થિતિ કર્માતીત અવસ્થા તરફ ધપતી રહે.

યોગયુક્ત કર્મ કરવાં એક મહાન કલા છે. અને જે યોગી યોગ યુક્ત બનીને કર્મ કરે છે એનું પ્રત્યેક કર્મ પણ એક કળા બની જાય છે. ભલે તે સાધારણ કર્મ કેમ ન હોય તે ગાયન યોગ્ય બની જાય છે. કર્મયોગીએ બુદ્ધિમાન અવશ્ય હોવું જોઈએ. જેથી તે પોતાની બુદ્ધિનો ડબલ પ્રયોગ કરી શકે. જો બુદ્ધિ સાધારણ તથા ઓછી શક્તિશાળી છે, તો તે માત્ર એક કાર્યનું જ સંચાલન કરી શકશે. તે જો કર્મ કરશે, તો કર્મમાં જ લીન બનશે અને યોગ કરશે તો કર્મ નહીં કરી શકે.

જો કર્મ આપ એકલાજ કરી રહ્યા છો તો કર્મ પ્રત્યે પૂર્ણ સમર્પિત બની જાઓ. એનો અર્થ છે કે કર્મને સાચા દિલથી પૂર્ણ કરો. કર્મમાં આળસ, કર્મને અધૂરું મૂકવાની ટેવ યા પોતાની જવાબદારીઓ પ્રત્યે અલબેલાપણું આપને કર્મયોગની સુખદ સ્થિતિ પર પહોંચવા દેશે નહીં. કારણકે યોગીએ કર્મકુશળ બનવું જોઈએ. જો કે યોગશક્તિ કર્મમાં કુશળતા તથા સફળતા પણ

અપાવે છે. છતાં પણ યોગીએ સમય પહેલાં જ કાર્ય પૂર્ણ કરવાની ક્ષમતા રાખવી જોઈએ.

જો આપ સંગઠનમાં કાર્યરત છો. તો પહેલાં સ્વયંને બીજાઓ સાથે એકરૂપ બનાવો. એનો અર્થ એ નથી કે આપનો સાથી આળસુ છે તો આપ પણ તેવા બની જાઓ. પણ સ્વયંને એની સાથે એવી રીતે ચલાવો કે જેથી મનની ટક્કર ન થાય. સહયોગ આપતા રહો, તો આપને સહયોગ અવશ્ય મળશે. જો સહયોગ આપવા છતાં પણ સહયોગ નથી મળતો, તો યોગ અભ્યાસ વધારો. યોગીને સર્વનો સહયોગ સહજ પ્રાપ્ત થાય છે. પહેલાં સ્વયં ઝૂકીને તથા નમ્ર બનીને ચાલો ત્યારે જ આપ બીજાઓને પણ ઝૂકાવી શકશો. આપણે એ યાદ રાખવું જોઈએ કે બીજાઓને ઉઠાવવા માટે ઝૂકવું જ પડે છે. સંગઠનમાં બીજાઓને સન્માન આપીને ચલાવવામાં, એમના વિચારોને માન આપીને ચાલવાથી ટક્કર થશે નહીં અને કર્મયોગમાં મદદ મળશે.

જો આપ અધિકારી છો અને આપને બીજાઓ પાસેથી કામ કરાવવું છે તો એ જરૂરી છે કે આપ સર્વના સન્માનના પણ અધિકારી બની રહો જેથી સૌ આપની આજ્ઞાનો સહજ રીતે સ્વીકાર કરે. સ્નેહ તથા શ્રેષ્ઠ ભાવનાઓ દ્વારા બીજાઓનાં દિલને જીતો. એમની કંઈ ભૂલ થાય, તો એમની સાથે અનુચિત વ્યવહાર ન કરો. અર્થાત્ કોઈપણ કારણથી આપની વ્યવહારિક રોયલ્ટી છોડો નહીં. જ્યારે આપની કર્મેન્દ્રિયો આપની આજ્ઞામાં ચાલતી હશે, ત્યારે જ બીજાઓ આપની આજ્ઞા સહજ રીતે માનશે. જો આપ સ્વયં જ જિહ્વાને આધીન રહેશો, જો આપની આંખો જ આપને દગો દે છે તો બીજાઓ આપને કેમ દગો નહીં દે ? જો આપના મુખ પર કન્ટ્રોલ નથી, તો બીજા લોકો પર કન્ટ્રોલ કઈ રીતે રહેશે ?

જો બીજાઓ આપની વાત માનતા નથી, તો આપ પરેશાન થશો નહીં. કર્મક્ષેત્ર પર કોઈ પણ કારણથી પરેશાન થનાર વ્યક્તિ કર્મયોગી બની શકતો નથી. પછી ભલેને આપની પરેશાનીનું ગમે તે કારણ હોય. આપને એ નશો રહેવો જોઈએ કે ભગવાનનાં બાળકોને કોઈ પણ પરેશાન કરી શકે નહીં. જો કે મનુષ્ય પોતાના સ્વભાવ, સંસ્કારથી જ પરેશાન થાય છે. ક્યારે ક્યારે બીજાઓ પાસેની કામનાઓ, પછી તે સહયોગની જ કામના કેમ ન હોય, તે મનુષ્યને પરેશાન કરે છે. સહયોગની કામનાને બદલે સહયોગી બનાવવાની કળા શીખવી જોઈએ. કર્મ કરતી વખતે સરલ ચિત્ત સ્થિતિ કર્મયોગનો મુખ્ય આધાર છે. કર્મક્ષેત્ર પર જ સફળતા મળે છે તો નિષ્ફળતા પણ. કામ ગૂંચવાઈ જાય છે અને નુકસાન પણ થાય છે. કામ આપણી આશાને અનુકૂળ પણ હોઈ શકે છે તથા પ્રતિકૂળ પણ હોય છે. પરંતુ મનને ભારે ન બનાવવું તે પણ એક કલા છે. મન ભારે થતાં જ સંકલ્પ શક્તિ ગૂંચવાઈ જાય છે અને અસફળતાનાં બીજ વવાય છે. હળવા મનથી મનુષ્ય સહજ રીતે પરિસ્થિતિને બદલી શકે છે. જ્યાં સરળતા છે ત્યાં પરેશાની નથી અને તે જ કર્મમાં ખુશી તથા ઉમંગનો અનુભવ થાય છે.

કર્મમાં પ્રદર્શનનો ભાવ, કીર્તિ મેળવવા કર્મ કરવું યા આ કામ મોટું છે, રોયલ છે અને આ કામ નાનું છે, સાધારણ છે – એ આભાસથી કર્મ કરવાં યા પોતાના કર્મની પોતે જ પ્રશંસા ગાતાં રહેવું – આ સર્વ કર્મયોગીના માર્ગમાં સૂક્ષ્મ અવરોધો છે. એટલે ગુપ્ત રહીને મહાન કાર્ય કરવું, પુણ્યકર્મ કરીને ભૂલી જવું તથા કર્મફળ પ્રભુને અર્પણ કરનાર જ કર્મયોગની સર્વશ્રેષ્ઠ સ્થિતિનું સુખ મેળવી શકે છે.

આ રીતે યોગીએ તનાવમુક્ત રહીને, આત્મવિશ્વાસ તથા શિવબાબાના બળ પર કર્મક્ષેત્રમાં ઉતરવું જોઈએ. ગમે તેટલું કઠણ કાર્ય

પણ યોગયુક્ત સ્થિતિમાં કરવાથી સહજ રીતે સફળ થાય છે. કર્મક્ષેત્ર પર ચીડિયાપણું, અપવિત્રતા તથા દુન્યવી વાતોનું ચિંતન ત્યજવા યોગ્ય છે.

યોગ અભ્યાસીને જ્યાં સુધી કર્મયોગી ન બને ત્યાં સુધી યોગમાં આત્માનુભૂતિ થતી નથી. બેસી રહેનાર યોગી ક્યારેય સફળ થતો નથી, કારણકે ત્યારે પણ કર્મનો પ્રભાવ એના મન પર છવાયેલો રહે છે. જો આપણે કર્મની સાથે શ્રેષ્ઠ ચિંતન તથા ઈશ્વરીય સ્મૃતિ જોડીએ છીએ તો કર્મ આપણા ઉપર પ્રભાવ પાડતું નથી.

મનુષ્યને નિરંતર ત્રણ વાતો પ્રભાવિત કરે છે. કર્મ, મનુષ્ય તથા વાતાવરણ. કર્મ સ્વાભાવિક રૂપથી પ્રભાવ પાડે છે. મનુષ્યના પોતાના જ સંકલ્પ એના ઉપર પ્રભાવ પાડે છે તથા સંસારનું આસપાસનું વાતાવરણ પણ પ્રભાવ પાડે છે.

કર્મ કરતાં આ પ્રકારનું ચિંતન કરીએ. ''આ કર્મ મને કોણે સોંપ્યું ? સ્વયં ભગવાને પોતાના શ્રેષ્ઠ કાર્ય માટે મને પસંદ કર્યો છે. એમણે મને આવા દિવ્યકાર્ય માટે યોગ્ય સમજ્યો હશે. અહા, હું ઈશ્વર માટે આ કાર્ય કરી રહ્યો છું. મારું કેટલું મહાન ભાગ્ય છે કે ભગવાનની નજર મારા પર પડી.'' આ પ્રકારનું ચિંતન આપને કર્મના પ્રભાવથી મુક્ત રાખશે.

બીજા મનુષ્યોના પ્રભાવથી મુક્ત રહેવા માટે એમના પ્રત્યે સાક્ષી-ભાવ રાખવો જરૂરી છે. સાક્ષી સ્થિતિ ઘણી જ મીઠી અને સુખદ સ્થિતિ છે. એનાથી આપણાં મનમાં બીજાઓ પ્રત્યે ઘૃણાભાવ જન્મશે નહીં અને પરમાત્મા સાથીના સાથનો સહજ રીતે અનુભવ થશે. વાતાવરણના પ્રભાવથી મુક્ત રહેવા માટે સ્વયંને ઈશ્વરીય નશામાં સ્થિત રાખીએ. કલિયુગનું વાતાવરણ પણ શક્તિશાળી છે. એનાથી પ્રભાવમુક્ત રહેવા માટે આપણે પણ ઉચ્ચ નશામાં રહેવું પડે.

પરંતુ તેના પહેલાં મનુષ્યના ઉપર એના પોતાના જ વિચારોનો પ્રભાવ પડે છે. એક તો કર્મયોગીએ અંતર્મુખતાની ગુફામાં જ રહેવું જોઈએ. બર્હિમુખતા તો યોગીની શત્રુ છે. બીજું મારા મનનો કયો સૂક્ષ્મ સંકલ્પ મને ક્યારે ખેંચી ગયો તે વાતની ખાત્રી રહેવી જોઈએ. કોઈપણ મનુષ્ય જેટલો વ્યર્થ વિચારોમાં વ્યસ્ત રહે છે. તેટલો કાર્યોમાં વ્યસ્ત રહેતો નથી. આ રીતે જ્ઞાનબળનો બંધ બાંધીને મનના પ્રભાવને રોકી દેવો જોઈએ.

કર્મ આસક્તિવશ થઈને કામનાવશ યા પ્રદર્શન માટે કરવામાં આવે છે તો કર્મમાં આત્માની શક્તિ પણ ખર્ચાય છે એ સિદ્ધાંત કદી ભૂલવો જોઈએ નહીં પરંતુ કર્મ જો અનાસક્ત થઈને અર્પણભાવથી કરવામાં આવે છે તો આવા કર્મ આત્માને શક્તિ પ્રદાન કરે છે. સારાં કર્મ પણ જો અનાસક્ત થઈને ન કરવામાં આવે, તો તે પણ આત્માને શક્તિશાળી બનાવશે નહીં. એનું માત્ર ગાયન જ થશે. એટલે કર્માતીત બનવા માટે અનાસક્ત ભાવથી કર્મ કરવાં જરૂરી છે. નહીંતર સારાં કર્મ પણ બંધન બની જશે.

જ્યાં સુધી માનવ અમૃતવેળાએ ઉઠીને યોગ રસ ગ્રહણ ન કરે તથા ઈશ્વરીય મહાવાક્યોનો રસ પીએ નહીં ત્યાં સુધી કોઈપણ માનવ કર્મયોગી બની શકતો નથી. આ બંને વાતો જ મનને એકાગ્ર, આનંદિત તથા શક્તિશાળી બનાવે છે. સહજ કર્મયોગી જીવનના અનુભવ માટે લૌકિક કાર્ય ઉપર જતાં પહેલાં દસ યા પંદર મિનિટ યોગાભ્યાસ કરીને જઈએ તથા પાછા આવતી વખતે પણ તેટલો જ સમય આપી સ્વયંને યોગ અભ્યાસ દ્વારા તાજગીપૂર્ણ બનાવીએ.

જે બહેનો યા ભાઈઓ ભોજન બનાવે છે. તેઓ

ભોજન બનાવવાના સમયને તપસ્યા સમય સમજી લે. આપના માટે બે થી ચાર કલાક તપસ્યા માટે છે. તેમાં મહાન સેવાની સાથે તપસ્યા પણ સમાયેલી છે. જ્યારથી આપ ભોજન બનાવવાનું શરૂ કરો ત્યારથી મનને ચારેબાજુએથી સમેટી લો. ભાવ વિભોર બનાવે તેવું ઈશ્વરીય ગીત વગાડો. જેથી મન ઈશ્વરીય પ્રેમમાં લીન થવા લાગે. અતિ ખુશી તથા આનંદિત સ્થિતિમાં સ્થિત થઈને યોગયુક્ત બનીને ભોજન બનાવો. એવો અનુભવ કરો કે સર્વ શક્તિવાન બાપ મને શક્તિ સંપન્ન બનાવી રહ્યા છે. એમનાં શક્તિશાળી કિરણો મુજ આત્મામાં સમાઈ રહ્યાં છે.

જો આપને ઓફિસમાં બુદ્ધિનું કામ કરવું પડે છે. તો કાર્ય શરૂ કરતાં પહેલાં, અંતમાં તથા વચ્ચે એકવાર યોગાભ્યાસ કરો. બાબા મારી સાથે છે, તેઓ મને નિરખી રહ્યા છે એ સ્મૃતિ રાખો. જો આપ વિદ્યાર્થી છો તો જ્યારે તાસ બદલાય ત્યારે વચ્ચે યોગાભ્યાસ કરો. જ્યારે ગૃહકાર્ય શરૂ કરો ત્યારે તથા શાળાએ જતાં પહેલાં તથા શાળાએથી ઘેર આવતાં પહેલાં થોડા સમય માટે યોગાભ્યાસ કરો.

આ રીતે જેનું તપસ્યા કરવાનું લક્ષ્ય છે તેઓ તો રસ્તો કાઢશે જ. પરંતુ જેઓ સંસારમાં વધારે વ્યસ્ત થઈ ચૂક્યા છે તેઓ તો બહાનું જ કાઢશે તથા સ્વયંના ભાગ્યને દોષિત ગણશે. સૌથી શક્તિશાળી તપસ્યા તો એ છે કે હાથ કામ કરે અને બુદ્ધિ સર્વશક્તિવાન પાસેથી શક્તિ તથા શાંતિ પ્રાપ્ત કરે. એવો અનુભવ થાય કે હું આત્મા કર્મ કરાવી રહ્યો છું અને ચારે બાજુ શાંતિ, શક્તિ તથા પવિત્રતાનાં વાયબ્રેશન્સ ફેલાવી રહ્યો છું. આ એકી સાથે ડબલ સેવાનું સ્વરૂપ છે.

તો આવો, ભિન્ન ભિન્ન વિધિઓ અપનાવીને આ વર્ષે કર્મયોગની તપસ્યા કરીએ. જ્યારે આપણે ઊંચી સ્ટેજ પર સ્થિત થઈને કર્મ કરીશું. ત્યારે જ સંસાર આપણને જોઈ શકશે. તે માટે સ્વયં સાથે તથા સાથીઓ સાથે સ્નેહ વધારો, પોતાની ભાવનાઓને ઠીક કરો. બીજાઓ પ્રત્યે ઘૃણા કરનાર કદી કર્મયોગી બની શકતો નથી. યજ્ઞ તથા યજ્ઞસેવા પ્રત્યે પ્રેમ વધારો. પોતાના વિચારોને થોડા વધારે શક્તિશાળી બનાવો. સંસાર સમાચારોને પણ સાક્ષીભાવથી સાંભળો એના ચિંતન તથા વર્ણનમાં જ દિવસો ન વીતે. ત્યારે જ આપણી તપસ્યા સફળ થશે અને આ તપસ્યા દ્વારા આપણે પ્રત્યક્ષતાનાં દ્વાર ખોલી શકીશું.

**॥ ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. 05નું અનુસંધાન)... તંત્રી સ્થાનેથી**

ઈશ્વરીય સેવાઓના અનેક વિધ કાર્યક્રમો અવિરતપણે ચાલતા હોય છે. રાજયોગના પથ ઉપર સમર્પિત જીવન જીવવા પુખ્તવય, તાલીમ, લૌકિક શિક્ષણ અને અજમાયશી સમયગાળો આ સૌ તબક્કામાંથી પસાર થવાનું હોય છે. તેથી નીવડેલાં આધ્યાત્મિક રત્નો દ્વારા વૈરાગ્યભાવ સન્માનિત થાય છે.

દૃઢ વૈરાગ્યની અંતિમસ્થિતિ છે ફરિસ્તાપણાની અવસ્થા. નષ્ટોમોહાની સાક્ષાત્મૂર્તિ. દેહભાવનું સંપૂર્ણ વિસર્જન. જેનું જીવન પ્રત્યેક કાર્ય, પ્રત્યેક સંકલ્પ કે શ્વાસ સૂક્ષ્મતાનો હોય છે. સ્થૂલ બંધનો ભેદાઈ જાય છે. જે વરદાની મૂર્ત બની વિશ્વસેવામાં ઉપસ્થિત રહે છે. અંતઃવાહક શરીર દ્વારા સેવા કરી શકે છે. જાણે એક તેજ લિસોટો પ્રકાશ પાથરીને ચાલ્યો જાય તેવી તેની અવસ્થા હોય છે. પરમપિતા પરમાત્મા સમાન અવસ્થાને ધારણ કરનાર આવા આત્માની ઓળખ ગોપનીય રહી શકતી નથી.

**॥ ૐ શાંતિ ॥**

**- બ્ર.કુ. કાલિદાસ**

# શિવરાત્રિનું સ્વરૂપ

રાજયોગિની બ્ર.કુ. ભારતીદીદી, ડાયરેક્ટર ગુજરાત ઝોન, અમદાવાદ (રાજકોટ)



ધાર્મિક ઉત્સવ શા માટે ઉજવવામાં આવે છે? આ પ્રશ્નનો ઉત્તર શોધવા જતાં બે વિચાર આવે છે. એક તો એ કે જેવી રીતે કહેવામાં આવે છે ‘જેવો વિચાર તેવો વહેવાર’ હોય છે. વિચાર શ્રેષ્ઠ હશે તો આચરણ પણ શ્રેષ્ઠ અને પવિત્ર બનશે. એટલા માટે સર્વના વ્યવહારની શુદ્ધિ માટે સૌ પ્રથમ તો વિચારો ઉપરના નિયંત્રણને આવશ્યક સમજવામાં આવે છે. એના ફળ સ્વરૂપે ઉત્સવો પણ ક્યાંક વિવેકશૂન્ય આનંદનું સાધન ન બની જાય અને લોકો નીતિની લક્ષ્મણ રેખા બહાર ન ચાલ્યા જાય એ ખ્યાલથી ઉત્સવોને ધર્મના રંગમાં રંગવાનો અર્થાત્ ધર્મનું પીઠબળ આપવાનો સુંદર પ્રયાસ આપણા પૂર્વજોએ કર્યો છે. આ રીતે ધાર્મિક ઉત્સવોની ઉજવણી શરૂ થઈ. બીજું જે પણ વ્યક્તિ આ વિશ્વમાં કોઈ જનકલ્યાણ અથવા સમાજ સુધારણાનું કાર્ય કરીને જાય છે અથવા જેનું જીવન સમાજ માટે આદર્શ હોય છે તેવી વ્યક્તિની પાછળ તેની સ્મૃતિ કાયમ રહે એ ખ્યાલથી પણ તેવી વ્યક્તિઓના




જન્મ દિવસ ઉજવવામાં આવે છે કે જેથી તે દિવસે મનુષ્ય તેમના જીવનની સારી વાતોને યાદ કરીને એનું અનુકરણ કરવા માટે પ્રોત્સાહિત થાય. દાખલા તરીકે ચાચા નહેરુજીને બાળકો પ્રત્યે ખૂબ પ્રેમ હતો તેથી તેમના જન્મ દિવસને ખાસ ‘બાલદિન’ તરીકે ઉજવવામાં આવે છે. આપણા ધાર્મિક ઉત્સવો જેવા કે શ્રીકૃષ્ણની યાદમાં જન્માષ્ટમી, રામની યાદમાં રામનવમી વગેરે પણ આ પ્રકારે તે દેવતાઓના શ્રેષ્ઠ જીવનની યાદગાર માટે ઉજવવામાં આવે છે કે જેથી તેમની યાદથી મનુષ્યોનું જીવન પુષ્પસમાન સદા ખીલેલું અને સુગંધિત બની રહે.

### પૌરાણિક કથા

આવી રીતે શિવરાત્રિનો ઉત્સવ પણ આપણા દેશમાં દર વર્ષે ઉજવવામાં આવે છે. તે દિવસે મનુષ્ય શિવના મંદિરમાં જઈને ત્યાં બીલીપત્ર ચઢાવી, ઉપવાસ, વ્રત, નિયમ, જાગરણ વગેરે કરે છે. આ ઉત્સવની પૂર્વ ભૂમિકાના સાચા પરિચયની આજે ઘણા લોકોને ખબર નથી. એક પુરાણ કથા આ પ્રમાણે છે કે એક શિકારી જંગલમાં શિકાર કરવા ગયો હતો. ત્યાં તેણે એક હરણ અને હરણીને જોયાં અને તેમના ઉપર તીર ચલાવવા માટે તેણે નિશાન તાકવાની તૈયારી શરૂ કરી. એટલામાં જ હરણ અને હરણીએ તેને કહ્યું કે, હે શિકારી ! તું અમારો શિકાર કરવા ઇચ્છે છે. પણ થોડીવાર થોભી જા. અમે અમારા ઘેર જઈ અમારાં બાળકોને મળીને કાલે સવારે આ સ્થળે જ પાછાં આવી જઈશું. પછી ભલે તું અમારો શિકાર કરજે. શિકારીએ એમની વાત માની લીધી અને એમને એક રાત માટે ઘર જવાની રજા આપી. હરણ અને હરણી તો ચાલ્યાં ગયાં અને શિકારી

એક વૃક્ષ ઉપર ચઢીને, આખી રાત સવાર થવાની રાહમાં બેસી રહ્યો. વૃક્ષ ઉપર બેઠાં બેઠાં તે વૃક્ષનાં પાંદડાં તોડી તોડીને નીચે ફેંકતો રહ્યો. બીજી બાજુ હરણની તે જોડીએ પોતાની ઈમાનદારી બતાવી. એમણે રાત્રે જ પોતાના સમાજમાં પહોંચીને બધી વાત જણાવી અને સવારે બધાની વિદાય લેવાનું પણ કહી દીધું. પછી તો બધાં જ હરણ એક બીજા માટે પોતાનો જાન આપવા તૈયાર થઈ ગયાં. અને છેવટે આખો હરણ સમાજ સવારે, જે ઝાડ ઉપર શિકારી બેઠો હતો તે ઝાડ નીચે આવીને જમા થઈ ગયો. એમાં આશ્ચર્યની વાત એક એ બની હતી કે રાત્રે શિકારી દ્વારા તોડેલાં ઝાડનાં પાંદડાં, જ્યાં નીચે પડતાં હતાં, બરાબર તેજ જગ્યાએ શિવલિંગની પ્રતિમા હતી અને આમ અજાણે જ શિકારી દ્વારા શિવની પૂજા થઈ ગઈ હતી. બીજી બાજુ હરણ યુગલની પાછળ આખો સમાજ મરવા માટે તૈયાર થઈ ગયો હતો. એમના આવા ત્યાગને જોઈને પણ શિકારીના દિલમાં પણ પરિવર્તન આવ્યું. અને તે વિચારવા લાગ્યો કે હું એમને મારવાનું પાપ શા માટે કરું ? તો શિકારી અને હરણોની આ ભક્તિ અને ત્યાગના એ પરિણામ સ્વરૂપ તે જ સમયે ખુદ શિવજી પ્રગટ થયા અને તેમને પોતાના વિમાનમાં બેસાડીને લઈ ગયા. કહેવામાં આવે છે કે ત્યારથી જ લોકો શિવરાત્રિ ઉજવે છે. અને એ આશા રાખે છે કે એ રીતે એમનું વ્રત વગેરે કરવાથી શિવ પિતા કલ્યાણ કરી દેશે. આવી કથા પ્રચલિત છે. પરંતુ સાચોસાચ શું આવી કોઈ પ્રસંગ કથા જ આવડા મોટા ઉત્સવની ઉજવણીની શરૂઆત કરવાનું કારણભૂત બની હશે ? આ પ્રશ્નનો સાચો ઉત્તર જાણવા માટે શિવનો વાસ્તવિક પરિચય જાણવો પડશે કે જેનાથી એ નિર્ણય ઉપર આવી શકાય કે શિવરાત્રિ મહોત્સવનો આધાર પેલી કથા હશે કે શિવનું કલ્યાણકારી કર્તવ્ય ?


## શિવનો વાસ્તવિક પરિચય

એટલું તો લગભગ બધા માને છે કે, 'શિવ' નામ પરમાત્માનું છે. જ્યારે દેવીદેવતાઓની મહિમા 'દેવીદેવતાય નમઃ' કરીને કરવામાં આવે છે ત્યારે શિવની પૂજા 'ઓમનમો શિવાય' અથવા 'શિવ પરમાત્માય નમઃ' કહીને થાય છે. એટલું જ નહીં પરંતુ ખુદને પરમાત્મા સમજવાવાળા મિથ્યા જ્ઞાની લોકો પણ શિવને જ પરમાત્માનું નામ માની શિવોહમ, શિવોહમનું રટણ કરતા રહે છે. પરમાત્મા શિવની પ્રતિમા 'શિવલિંગ'નું પૂજન પણ સર્વત્ર પ્રખ્યાત છે. રામેશ્વર અને ગોપેશ્વરના મંદિર પરમાત્મા શિવની, શ્રીરામ અને કૃષ્ણ દેવતાના પણ શ્રીપરમપૂજ્ય પરમ પિતા હોવાની યાદ અપાવે છે. રામાયણમાં શ્રીરામનાં એ વાક્યોનો ઉલ્લેખ છે કે 'શિવદ્રોહી મમદાસ કહાવા, સો નર મોહી સપને હું નહી ભાવા' પણ આજ સત્યની તરફ સંકેત કરે છે. કાશ્મીરમાં અમરનાથનું શિવ મંદિર ખૂબ પ્રસિદ્ધ છે. જ્યાં બરફનું શિવલિંગ બનાવેલું છે. ભારતના ખૂણે ખૂણે સોમનાથ, વિશ્વેશ્વરનાથ, મહાકાળેશ્વર વગેરે મંદિર પણ પરમાત્મા શિવની મહિમાનાં યાદગાર છે. એજ રીતે નેપાળમાં 'પશુપતિનાથ'નું મંદિર પણ પરમાત્મા શિવનું જ સ્મરણસ્થાન છે. જાપાની લોકો પણ શિવના આકારવાળી પ્રતિમા અથવા મીણબત્તી સળગાવી એની જ્યોત ઉપર પોતાની નજર ટેકવી, ધ્યાન કેન્દ્રિત કરે છે. મુસલમાનોના મક્કામાં પણ 'ખાના એ કાબા'ના સ્થાને શિવલિંગના આકારનો જ એક પથ્થર રાખવામાં આવે છે. જેને 'સંગે અસવદ' કહે છે અને હજ ઉપર જવાવાળા મુસલમાન એનું સન્માન કરે છે. રોમમાં ઈસાઈ લોકો પણ શપથ (પ્રતિજ્ઞા) લેતી વખતે શિવલિંગ જેવા જ પથ્થરને હાથમાં રાખીને પછી જ શપથ લે છે. હજરત મુસાને પણ ઝાડીમાંથી જ્યોતિના સાક્ષાત્કાર થયા હતા. નાનકજીએ પણ 'એક

ઓમકાર’ કહીને શિવનો જ મહિમા ગાયો છે. શિવના એક પ્રસિદ્ધ મંદિરનું નામ ‘ઓમકારેશ્વર પણ છે, જે નાનકજીના ઓમકારેશ્વરથી અલગ નથી. ગોવિંદસિંહે પણ વરદાન માગતી વખતે પરમાત્માનું નામ શિવ જ બતાવ્યું છે કે ‘દે શિવા વર મોહે, શુભ કર્મોસે કબહુ ન ડરુ’ આ પ્રકારે દરેક ધર્મોમાં શિવને જ પરમાત્મા માનવામાં આવે છે. વાસ્તવમાં શિવલિંગની પ્રતિમા પરમાત્મા શિવના ‘જ્યોત સ્વરૂપ’ની યાદગાર છે. એટલે તો ભારતના આઠ પ્રસિદ્ધ શિવમંદિર ‘જ્યોતિલિંગ મઠ’ તરીકે ઓળખાય છે. સોમનાથના શિવ મંદિરમાં પણ પહેલાં હીરાનું શિવલિંગ રાખવામાં આવ્યું હતું, જે પરમાત્મા જ્યોતિ સ્વરૂપ હોવાનું જ પ્રતીક હતું (કારણ હીરો ચમકતો રહે છે.) પરંતુ એને મહમદ ગઝનવી લૂંટીને લઈ ગયો હતો. ‘શિવ’ શબ્દનો અર્થ થાય છે કલ્યાણકારી ..... બિંદુને પણ શિવ કહેવાય છે. એ જાણવું ખૂબ જરૂરી છે કે શિવ અને શંકર બન્ને એક નથી પણ તેમાં ફરક છે. શિવ નિરાકાર પરમાત્મા છે જ્યારે મહાદેવ શંકર આકારી દેવતા છે. પરમાત્મા શિવને ત્રિમૂર્તિ પણ કહેવામાં આવે છે. કારણ કે તે બ્રહ્મા વિષ્ણુ અને મહાદેવ શંકરના પણ રચયિતા છે. દેવતા શંકરને સૂક્ષ્મ શરીર છે જ્યારે શિવ પરમ આત્મા અર્થાત્ પરમાત્મા છે. જેમનું અવ્યક્ત સ્વરૂપ છે જે ચર્મચક્ષુઓથી જોઈ શકાતું નથી. એમના જ્યોતિ સ્વરૂપના સાક્ષાત્કાર દિવ્યદ્રષ્ટિ દ્વારા જ થઈ શકે છે. આમ પરમાત્મા શિવનું વાસ્તવિક સ્વરૂપ જ્યોતિ બિન્દુ જ છે.

## શિવની રાત્રિ શા માટે ઉજવવામાં આવે છે !

હવે પ્રશ્ન ઉઠે છે કે શિવ જે કલ્યાણકારી છે એમની રાત્રિ શા માટે ઉજવાય છે ? આમ તો દરરોજ દિવસ પછી રાત્રિ તો થાય જ છે. ચૌદશની રાત્રિ પણ દર માસે આવે છે પરંતુ અહીં રાત્રિ શબ્દ પરમાત્મા શિવની અજ્ઞાનરૂપી રાત્રિના સમયે




આવીને બધા જ આત્માઓના કલ્યાણ કરવાના કર્તવ્યની સૂચક છે. બ્રહ્માના દિન અને બ્રહ્માની રાત જેને શુક્લપક્ષ અને કૃષ્ણપક્ષ પણ કહેવામાં આવે છે તે બન્નેને ભેગાં કરતાં સૃષ્ટિ ચક્રનું એક કલ્પ થાય છે. આ કલ્પનું આયુષ્ય ૫,૦૦૦ વર્ષ છે. જેવી રીતે રાત્રિના સમયે ભોગ-વિલાસ, પાપ, ચોરી વગેરે ખરાબ કર્મ થાય છે તેવી જ રીતે આ સૃષ્ટિચક્રના એક કલ્પમાં પણ દ્વાપર કળિયુગરૂપી બ્રહ્માની રાત્રિના સમયે બધા જ મનુષ્યાત્માઓ અજ્ઞાન નિદ્રામાં સૂતેલા હોવાને કારણે પાપકર્મ કરતાં કરતાં તમો પ્રધાન બનતાં જાય છે. પરંતુ સતયુગરૂપી બ્રહ્માના દિવસની શરૂઆતમાં તો આત્માઓ સતોપ્રધાન હોય છે. અર્થાત્ કળિયુગ અંત સમયના આત્માઓને સતોપ્રધાન બનાવવાનું જે દિવ્ય કર્તવ્ય પરમાત્મા શિવે કર્યું. તેની જ યાદગાર વાસ્તવમાં આ શિવરાત્રિ છે. પરમાત્મા શિવ દરેક કલ્પના કલિયુગના અંત અને સતયુગના આદિના વચ્ચેના કલ્યાણકારી પુરુષોત્તમ ‘સંગમ’ના સમયે પોતાનું અલૌકિક કર્તવ્ય કરે છે અને એ દ્વારા જ સતયુગની પુનઃ સ્થાપનાનું કાર્ય સંપન્ન થાય છે. આ પુનિત પાવન પ્રસંગની યાદમાં ‘શિવરાત્રિ’ ઉજવવામાં આવે છે.

## શિવરાત્રિ પર ઉપવાસ

વર્તમાન સમયે તો લોકો ભાંગની એક પ્યાલી પીને ઉપવાસ કરે છે. કારણ કે તેઓ સમજે છે કે કદાચ

શિવ પણ ભાંગ પીતા હતા અને તે નશામાંજ તેઓ મસ્ત રહેતા હતા. પરંતુ ખરેખર શિવ તો નિરાકાર અને નિરાહાર છે અને તેથી એવી નશાવાળી ગંદી વસ્તુના સેવન કરવાની વાત વિવેકસંગત નથી. પછી આવા એક દિવસના ઉપવાસથી શું લાભ ? જેમ કે લોકો કહે છે કે શ્રાવણ માસમાં રીંગણ ખાવાં ન જોઈએ તેવી આ વાત થઈ. પરંતુ તે માસમાં રીંગણ ન ખાવાનો નિયમ સાચવીને બાકીના મહિનાઓમાં તો પાછાં એટલાં રીંગણ ખાતા રહે છે કે જેથી સરવાળે હિસાબ પૂરો થઈ જાય છે. આમ બહારના રૂપથી જ માણસો શારીરિક ઉપવાસ શિવરાત્રિ ઉપર કરે છે. પરંતુ યથાર્થ શું છે તે ન તો જાણે છે. ન તે મુજબ કરે છે. ઉપવાસ શબ્દનો સાચો અર્થ છે 'ઉપ' અર્થાત્ સમીપ અને 'વાસ' એટલે રહેવું, એટલે કે સમીપ રહેવું. બીજા શબ્દોમાં કહીએ તો પોતાના આત્માને જાગ્રત કરી પોતાનો બુદ્ધિયોગ શિવ પરમાત્મા સાથે લગાડી એના સમીપ અથવા સંગમાં રહેવું એનું જ નામ ઉપવાસ  કે સતસંગ કરવો કહેવાય.

આમ સ્પષ્ટ છે જ કે શિવરાત્રિનો ઉત્સવ આત્મા અને પરમાત્મા વચ્ચેના સાચા સંબંધની યાદગાર છે. અર્થાત્ આ દિવસે આપણે બહારના મૌનની જગ્યાએ માનસિક મૌન રાખવું જોઈએ. અનુભવ એવું કહે છે કે ભૂખથી તો શારીરિક કમજોરી પણ આવી જાય છે. જેને લીધે મનુષ્યનો સ્વભાવ ચીડિયો અથવા ક્રોધી થઈ જાય છે અને ઘણી વખતે દાક્તરની પણ શરણ લેવી પડે છે. આજે મનુષ્ય કર્મકાંડ તો કરે છે પણ આ તહેવારનું સાચું આધ્યાત્મિક રહસ્ય તે ભૂલી ગયો છે. જેવી રીતે શિવરાત્રિ નવા દિવસના આરંભ અને જૂની રાત્રિના અંતની સૂચક છે તેવી રીતે આપણે પણ આપણા જીવનમાંથી જૂના તમો ગુણી આસુરી સંસ્કારોનો અંત લાવી નવા સતોગુણી દૈવી સંસ્કારો જીવનમાં લાવવાની પ્રતિજ્ઞા કરવી જોઈએ. પાછલી શિવરાત્રિથી લઈને વિતેલા એક વર્ષમાં શું ગુણ ધારણ કર્યા અને કયા અવગુણોનો ત્યાગ કર્યો એનો આધ્યાત્મિક હિસાબ કાઢવો જોઈએ. એમ કરવાથી શિવરાત્રિનો ઉત્સવ ફક્ત એક દિવસનો ઉત્સવ ન રહેતાં, જીવનને બદલવા માટે એક માપદંડ પ્રદાન કરનાર ઉત્સવ બની રહેશે. આ શુભ પર્વ ઉપર આપણે હિસાબ કાઢવો જોઈએ કે

- આપણામાં દરેક પ્રકારની શ્રેષ્ઠતા કેટલી આવી?
- સર્વગુણ સંપન્ન તથા પોતાની સંપૂર્ણ અવસ્થાની નજીક કેટલા પહોંચ્યા ?
- બીજાઓ સાથેના સંબંધમાં આપણે કેટલા સંતુષ્ટ રહીએ છીએ ?
- મારાથી બીજા ક્યાં સુધી સંતુષ્ટ રહે છે? વગેરે...

જેવી રીતે દિવાળીના દિવસે બધા વહેપારી પોતાના સ્થૂળ ધંધાના નફા નુકશાનનો હિસાબ કાઢે છે તેવી રીતે શિવરાત્રિના આધ્યાત્મિક તહેવાર ઉપર આપણે આપણા આધ્યાત્મિક અને વ્યવહારિક જીવન ઉપર દૃષ્ટિપાત કરી તેને શુદ્ધ અને શ્રેષ્ઠ બનાવવાનો દૃઢ સંકલ્પ લઈએ. ઉપવાસના સાચા અર્થને સમજીને આપણે કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકાર આ પાંચ વિકારોરૂપી ઝેરનું રસપાન કરવાનું બંધ કરીને એમનો ત્યાગ કરવાનું વ્રત લઈએ. ત્યારે જ આપણો બુદ્ધિયોગ (બુદ્ધિનો દોર) પતિતપાવન પરમાત્મા શિવની સાથે લાગી શકશે. ત્યારે જ આપણને આપણા જીવનમાં સફળતા અને સાચી ખુશી પ્રાપ્ત થઈ શકશે. તેથી આપણે શિવરાત્રિના સાચા સ્વરૂપને ફક્ત ઓળખવાનું જ નથી પરંતુ ઓળખીને આપણા જીવન વ્યવહારને આખું વર્ષ પવિત્ર બનાવી રાખવો જોઈએ. **॥ઓમશાંતિ ॥**

# વાહ મારો પ્રિય પરિવાર વાહ

## બ્ર.કુ. ગોદાવરીબેન, મુલુંડ, મુંબઈ

મારે બે બહેનો અને બે ભાઈઓ છે. એક બહેન શાંતિ બીજી ખુશી. ભાઈઓ સુખલાલ અને પ્રેમભાઈ. મારી જનેતાનું નામ છે. પવિત્રતા અને પિતા છે શિવબાબા ભોળાનાથ ભંડારી. અમારો આ પરિવાર ઘણો જ મીઠો છે. અમે આપસમાં ઘણાં જ આનંદમાં છીએ કશી જ ચિંતા નથી. અમારા પપ્પા (સર્વ આત્માઓના પિતા) પરમાત્મા અમને રોજ સવારે ત્રણ વાગે ઉઠાડે. મીઠી જ્ઞાનની વાતો સંભળાવે. ખૂબ જ વહાલ કરે. ગળે લગાડે. ચુસ્તીની ચોકલેટ અને બેહદ આનંદનાં બિસ્કીટ ખવડાવી તાજામાજા બનાવી સવારે પાંચ વાગે પોતાનાં કામ અર્થે વિશ્વ પરિભ્રમણ પર ચાલ્યા જાય. મારા મમ્મી પણ બહુ જ ધૈર્યવત, ખંતીલા અને ગંભીર છે. પપ્પા અમારી જોડે વાતો કરે ત્યાં સુધી એ પપ્પા માટે એક જ લગનમાં મગન બની પ્રેમનાં પરોઠાં, સ્નેહનું શાક, પરિવર્તનનાં પાપડ, કળા કારીગરીની કચોરી તેમજ આરામરહિતનું અથાણું નાખીને સરસ મજાનું ટેન્શન ફ્રીનું ટીફિન બનાવીને આપી દે છે. પપ્પાની ડ્યુટી એવી છે કે રોજ સાડાછસો કરોડ બાળકો ઉપર ધ્યાન રાખવું પડે છે. એમાં પણ ભિન્ન કેટેગરીના લોકો છે. દુઃખી, રોગી, શોકાતુર, ગરીબ, શાહુકાર, સાધુ-સંત, મહાત્માઓ, ભક્તો, પુજારી, દીનહીન, ધર્મી, અધર્મી, નાસ્તિક, બાળકથી લઈને વૃદ્ધ, નરનારીઓ એ બધાનાં હિસાબ કિતાબની ફાઈલોને જોવા કરવા ચિત્રગુપ્તનાં રૂપે પ્રજાપિતા બ્રહ્માબાબાને સાથે રાખે છે. આટલુ કામકાજ હોવા છતાં જે એમનાં આજ્ઞાકારી, વફાદાર, ઈમાનદાર, સપૂત બાળકોને મળવા આવે છે. અને બહુ જ ધ્યાન રાખે છે.

કારણ કે અમારા આજુબાજુમાં રહેતા પડોશીઓ ઈર્ષ્યાબહેન બદનીતિબહેન, માયાબેન, આશાક્તિબહેન, રાવણભાઈ, ક્રોધભાઈ, મોહભાઈ વગેરે વગેરે જેવા ધુંરધર લોકો રહેવાથી બહુ જ ધ્યાન રાખવું પડે છે. જરા જો પપ્પાની આજ્ઞાનું ઉલંઘન થાય તો તરત જ આ લોકો અમને પોતાનાં ઘરે લઈ જઈ પરચિંતનનાં પકવાન, પરનિંદાનાં પેડાં ખવડાવી દુન્યાવી વ્યર્થ વાતોનાં વંટોળમાં લઈ જાય. એટલે અમે પણ દુઃખભાઈ, અશાન્તિબહેન, વગેરેની દોસ્તીથી દૂર જ રહીએ છીએ.

અમારા મમ્મી પપ્પાની શિક્ષા એટલી પાવરફુલ છે કે અમને સેંકડ-સેંકડ જાગ્રત કર્યા કરે છે. એનો અવાજ કાનોમાં ગૂંજ્યા જ કરે છે.

હે મારા પ્યારા મીઠા બાળકો! તમે આ વિકારો રૂપી દુશ્મનો અને વાસના રૂપી દુર્જનોનો સંગ ભૂલથી પણ નહિં કરતા. તમારા 63 જન્મો એનાં આધીન થઈ વીતી ગયાં છે. તમારી તકલીફો, તમારાં કષ્ટો, મહેનત હવે મારાથી જોવાતાં નથી. જ્યારે એક મારી સાથે જ સ્નેહ છે. સંબંધ છે. મહોબ્બત છે. અનેકાનેક પ્રાપ્તિઓનો અનુભવ કરો છો. મારું તમને વરદાન છે. દુવાઓ છે તમને હું 21 જન્મોનો વારસો આપું છું. તમે ફક્ત પોતાને આત્મા સમજીને કર્મ કરો. આ દેહ અભિમાનરૂપી ભૂતોને છોડો. મારી યાદમાં રહી મારી શક્તિ પ્રાપ્ત કરી આ માયામાસી રાવણમામા તેમજ તેનો સર્વ પરિવાર છળ, કપટ, ઠગી, ચોરી છાપાછાપી બધાથી દૂર જ રહો એમાં જ તમારું કલ્યાણ છે.

અને બીજી વાત કે મારા સર્વ સમર્થ સર્વશક્તિવાન શિવ પિતાની અપરંપાર શિક્ષાઓ અમને રોજ મળે છે. જો કે મારા પપ્પા એટલા વ્યસ્ત રહે છે કે વાત ન પૂછો. એ કહે છે કે જુઓ આ દુનિયામાં હું તમને કોઈ વાતમાં રોકતો કે ટોકતો નથી. પરંતુ બેટા તમે હોવનહાર દેવી-દેવતાઓ છો એ સ્મૃતિથી કદી ના થાકશો. તમને અન્નશુદ્ધિ, સંગની શુદ્ધિ, દિવ્યગુણોની ધારણા વિકારો ઉપર વિજય તેમજ બહુ જ નિર્મળ સ્વભાવ, સરળ સંસ્કારોથી સુસજ્જ બનીને રહેવાનું તમારો સ્વધર્મ, સ્વકર્મ, સ્વલક્ષ્ય, સ્વ લક્ષણ, સ્વ સ્વરૂપ, સ્વદેશને સદા યાદ રાખવું. તથા બેટા વસ્તુ, વૈભવ, અને વ્યક્તિ તરફ આકર્ષવું નહિ. સમજ્યા, બેટા સુખ, પ્રેમ બેટા, ખુશી, શાંતિ આ હળાહળ કળિયુગનું હવામાન બહુ જ ખરાબ છે. હું તમને જેટલાં પાવરફુલ બનાવવા માગું છું. અરે ! માયા પ્રખર ગુમાની છે. જેવી રીતે સ્ટવમાં કોઈ હવા ભરે ને કોઈ ચાવી ખોલે તો હવા નીકળી જાય. તેમ આ માયા પણ એક સેંકડમાં તમને અર્શથી ફર્શ પર ફેંકી દેશે. એટલે કહું છું કે તમે એક મારું જ ધ્યાન ધરો હું તમારું પૂરેપૂરું ધ્યાન રાખીશ એ ગેરંટી છે. ડરો નહિ, ગભરાવો નહિ. મારી આજ્ઞાનું પાલન કરો. રાત્રે જલ્દી સૂઈ જાવ સવારે જલ્દી વહેલા ઉઠો. એમ કહીને પપ્પા ચાલ્યા જાય.

ફરી પાછા સવારે અમૃતવેળાએ ત્રણ વાગે જગાડે અને શક્તિશાળી સ્નેહનાં શીરાનો પ્રસાદ (ટોલી) આપે. પછી અમે તૈયાર થઈ એ એટલે જ્ઞાનનાં રસથાળની સમાન મુરલીને મધુર સ્વર સંભળાવે. ઓહો ! એનો રસાસ્વાદ તો કંઈક અલગ જ હોય. વિભિન્ન પ્રકારની શિક્ષાઓ જાણે 36 પ્રકારનાં ભોજન જ ખાતા હોઈએ. એવું લાગે મારી બહેનો ખુશી અને શાંતિ તો મન મનમાં હસ્યાં જ કરે અને પ્રેમ, સુખલાલ મંદ મંદ મુસ્કરાયા જ કરે. ખરેખર, આપણો પરિવાર કેટલો સારો છે. કેટલી મજા આવે છે. આવી મજા તો કોઈ જન્મમાં પણ મળી નહીં હોય એવું બોલ્યા કરે સમય પ્રતિ સમય સ્વયં પ્રભુ અમારી સંભાળ કરે. જુઓ પાછા બપોરે જમતી વેળાએ પણ ચક્કર લગાવીને યાદ અપાવે કે મારી યાદમાં કોળિયો ભરો છે કે પછી કોઈ વસ્તુઓમાં આસક્તિ તો નથી ને ! ભોજન પર સૃષ્ટિ ચક્રની ચર્ચા કરો છે કે વ્યર્થ ચિંતન તો નથી ને ! એમ નજરોથી નિહાલ કરીને સાવધાનીનો સલાડ ખવડાવી જાય. ફરી સાંજે નુમઃ સાંજ પણ દેખભાળ જરૂર કરે. સ્થિતિરૂપી સ્વાસ્થ્યમાં ગરબડ તો નથી ને ! એમ કહી સહનશીલતા રૂપી સુબીરસનો એક ગ્લાસ પીવડાવી જાય અને કહેતા જાય કે બેટા ત્રણ વાતો યાદ રાખવાની. હું નિમિત્ત છું, નિર્માણચિત બની નમ્રતાથી કાર્ય કરો. અને જુઓ ! કદિય નારાજ, નિરાશ અને નરવશ ન બનવું. સમજ્યા ! તમારો વર્તમાનનો પુરુષાર્થ તમારા ભવિષ્યની પ્રતીતિ કરાવે છે. જુઓ તમને પરણાવવા માયામાસી અને અધૈર્યમામા કળિયુગની કુટેવોનાં મોસાળુ લઈને આવશે. સાથે બેઈમાનીના બેન્ડવાજા પણ વગાડશે. વ્યર્થ સંકલ્પો રૂપી ઘર ભીતરને તમારા ઘરભીતરનો દરવાજો ખટખટાવશે. પરંતુ અટલ નિશ્ચયનું લોક લગાવી પછી સાંજે મારા વતનની સેર કરો. ખૂબ જ મજા આવશે. એનું વર્ણન અલૌકિક જ છે. અરે ! સ્વર્ગના સુખમાં રમણ કરશો.

અને ફરી રાત્રે તો મમ્મી પપ્પા પોતાનો વહાલાભર્યો દરિયાની જેમ ખોળામાં બેસાડીને આખા પરિવારને પંપાળ્યા જ કરે છે. મીઠી-મીઠી દિવ્યવાણીથી તરબોળ કરી દે છે. મન-વચન-કર્મ, કૃત-કૃત્ય થઈ જવાય છે. અને દિલથી અવાજ નીકળે છે કે વાહ પ્યારા માત-પિતા શિવબાબા, બ્રહ્માબાબા વાહ ! વાહમા જગદંબા સરસ્વતિમા

**(અનુસંધાન પેજ નં. 31 પર)**

## દિવ્યદર્શન

# આવી ... આવી... રે... જ્ઞાનરંગોની હોળી

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

હોળીનો તહેવાર શિવરાત્રિ પછી ફાગણ સુદ પૂનમના દિવસે આવે છે. લોકો ત્રણ પ્રકારે હોળી ઉજવે છે. પ્રથમ દિવસે હોળિકા દહન કરે છે. એટલે કે હોળી પ્રગટાવે છે. બીજા દિવસે ધુળેટી એટલે કે વસંતોત્સવમાં લોકો હર્ષ-ઉલ્લાસમાં એક બીજા પર રંગનો છંટકાવ કરે છે અને ત્રીજું આપસમાં મંગલ-મિલન મનાવે છે. હોળીની ઉજવણીમાં આ ત્રણ રીત-રિવાજો ઉપર ધ્યાન રાખીએ છીએ.

ભારતમાં ફાગણ સુદ પૂનમના દિવસે વર્ષ સમાપ્ત થાય છે. ફાગણ સુદ પૂનમની રાત્રિએ હોળિકાનું દહન કરવાનો સાચો અર્થ એ છે કે, ગયા પાછલા વિતેલા વર્ષની કડવી, જૂની, ખરાબ સ્મૃતિઓને બાળવી એટલે કે દહન કરવી. આપણાં દુઃખોને ભૂલી અને હસતા-રમતા નવા વર્ષનું આહવાન કરવું. વર્ષના અંતમાં આ તહેવારને મનાવવાનું રહસ્ય આપણને એ પરિચય આપે છે કે, આ તહેવાર પહેલા કળિયુગનાં અંતમાં મનાવવામાં આવતો હતો. ત્યાર બાદ સતયુગમાં સુખ-શાંતિના દિવસો શરૂ થયાં. કળિયુગના અંતમાં હોળિકાનું દહન કરવાથી મનુષ્યોનું દુઃખ, દરિદ્રતા, વાસના, વ્યથા જેવા વિકારો અને વિકર્મો (પાપકર્મ) દુઃખ, કલેશ કેવી રીતે નાશ પામે છે? આથી સ્પષ્ટ થાય છે કે, લાકડા તથા છાણાં બાળવાથી હોળિકા દહન થતું નથી. લાકડા તથા છાણાંઓનું બળતણ તો આજે પણ ભારતના ગામડાઓમાં ઘણી જગ્યાએ થાય છે. આવું કંઈ કરવાથી દુઃખ, દરિદ્રતા કે અપવિત્રતાનું દહન તો થતું જ નથી. પણ તેનાથી વિપરીત દિન-પ્રતિદિન આ બદીઓમાં આજે અનેક ગણી વૃદ્ધિ થતી જોવા મળે છે. ખરેખર સ્થૂળ અગ્નિના સ્થાને જો યોગરૂપી અગ્નિ પ્રગટાવવામાં આવે તો આપણી જૂની કડવી સ્મૃતિઓ ભૂસાઈ જાય. આપણાં દુઃખ દૂર થઈ શકે અને જીવનમાં ખુશી-ઉલ્લાસ પણ આવી જાય. માટે જેમ હોળીના દિવસે છાણ-ઘાસની અગ્નિની જ્વાળાઓમાં હોમવા હવનની સામગ્રી નાખીએ છીએ તેમ, વાસ્તવમાં યોગઅગ્નિના કુંડમાં મનની વાંકીચૂકી, દૂષિત કલુષિત વૃત્તિઓની હવન સામગ્રી હોમવાની પ્રેરણા આ હોળી આવે છે. આ જ કારણોસર આ તહેવારને કેટલાંક લોકો 'રાક્ષસ વિનાશક' તહેવાર પણ માને છે, એટલે એમ કહી શકાય કે માયારૂપી રાક્ષસને જ્ઞાનરૂપી હો-હોલ્લા (શોરબકોર) કરીને ભગાડવાનો તહેવાર છે.

આ તહેવારમાં લોકો ઘઉં, જુવાર જેવા ધાન હોળીની અગ્નિમાં શેકે છે અને પ્રસાદરૂપે આપે છે. રાજયોગીઓની ભાષામાં યોગ( તપસ્યા )ને અગ્નિ સાથે સરખાવવામાં આવે છે. જેમ કોઈપણ અગ્નિના તાપમાં શેકેલું બીજ પુનઃ નવું ફળ ઉત્પન્ન કરી શકતું નથી. તેમ જ્ઞાન-યોગયુક્ત અવસ્થા દ્વારા કરેલું કર્મ ક્યારેય વિકર્મનું રૂપ લઈ શકતું નથી. એટલે કે, તે વિકારી મનુષ્યોના સંગમાં ફળ આપતું નથી. તેથી હોળી શબ્દ આપણને સ્મૃતિ અપાવે છે કે, યોગઅગ્નિથી આપણા જૂના, દૂષિત સંસ્કારોને દગ્ધ કરીએ. હવે નવા દરેક કર્મ જ્ઞાનયુક્ત-યોગયુક્ત સ્થિતિમાં રહીને કરીએ.

હોળી શબ્દનો અર્થ બીજા શબ્દોમાં - હોળી

અર્થાત્ જે કંઈ વીતી ગયું તે વીતી ગયું. હોળી અર્થાત્ હું આત્મા પવિત્ર બની ગયો. હું આત્મા હવે ઈશ્વરને અર્પણ. અર્થાત્ હવેથી હું આત્મા જે કોઈ કાર્ય કરીશ તે પરમાત્માના આદેશ અથવા શ્રીમત અનુસાર જ કરીશ. હોળીને અંગ્રેજી ભાષામાં હોલી કહેવાય. જે શબ્દનો ગુજરાતી અર્થ પવિત્ર થાય છે. એટલે કે જે કોઈ કર્મ કરવું તે વિકારોને વશીભૂત થઈ ન કરવું. શુદ્ધકર્મ, દિવ્યકર્મ અને પવિત્રકર્મ હોય. આ રીતે આપણે હોળીના એક શબ્દ પરથી અનેક શિક્ષાઓ ગ્રહણ કરી શકીએ છીએ.

## હોળી પર રંગ

હોળી પર્વમાં એક બીજા પર રંગ-ગુલાલ નાંખવાની એક પ્રથા છે. જ્ઞાનને રંગ કહેવાય, જ્ઞાની મનુષ્યનો સંગ થાય એટલે તેના સંપર્કમાં રહેતા અન્ય આત્માઓને પણ જ્ઞાનનો રંગ ચડે. શરીર ધારણ કરનારી ચોળી(આત્મા)ને પરમાત્મા સાથે સંબંધ જોડી તેમની લાલીમાથી આત્માને રંગે છે.

આ સૃષ્ટિ પર બે પ્રકારના રંગ છે - એક માયાનો રંગ અને બીજો ઈશ્વરનો રંગ. આ સૃષ્ટિ રંગમંચ પર પ્રત્યેક મનુષ્ય આ બેમાંથી કોઈ એક રંગથી તો અવશ્ય રંગાય જ છે. ઈશ્વરના રંગમાં રંગાવવું તે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ હોળી છે તેમાં કોઈ સંદેહ નથી કારણ કે આ ઈશ્વરીય રંગે રંગાયેલો મનુષ્ય જ 'સાચો યોગી' બને છે. માયાના રંગમાં રંગાયેલો મનુષ્ય તો ભોગી જ બને છે.

આજકાલ હોળીના દિવસે નાના-મોટા સૌ કોઈ ભેગા મળીને એક-બીજા સાથે રંગોથી હોળી રમે છે. ત્યાં સુધી હદ કે મર્યાદાઓ ઓળગીને બળજબરીથી પણ રંગ લગાવે છે. ખરેખર તો જ્ઞાનનો રંગ લગાવવો જોઈએ. પરંતુ દેહ-અભિમાની લોકો ભૌતિકવાદના પ્રભાવમાં આધ્યાત્મિકતાને તિલાંજલિ આપી, સ્થૂળ રંગો એકબીજા પર ઉડાડીને કરોડો રૂપિયાનો વ્યય, કપડાં ખરાબ કરવાની સાથે-સાથે કેમીકલયુક્ત રંગ ચામડીને પણ નુકસાન કરે છે. આ પ્રકારની તામસિક હોળી રમવાથી જીવનમાં શું લાભ કે પ્રાપ્તિ કે અનુભૂતિ થાય? આ એવો તે કેવો તહેવાર કે રમત-રમતમાં અનેક લોકોના દિલ દુઃખી થાય? તમે તમારી જાતને આ પ્રશ્ન પૂછો.

સ્થૂળ રંગ રંગવાની હોળીમાં તો કોઈ નારાજ થઈ જાય કે ક્યારેક લડાઈ પણ થઈ જાય છે. વડીલો પણ એકબીજા પર કીચ્ચડ ઉછાળે છે અને એકબીજાને ગાળો (અપશબ્દો) પણ બોલે છે. અફસોસ કે હોળી જેવા પવિત્ર તહેવારને આજે હુલ્લડબાજીનો કેવો તહેવાર બનાવી દીધો છે.

## હોળી સંગમનો તહેવાર

હોળીનો તહેવાર કળિયુગનો અંત અને સતયુગના આરંભના સંગમ સમયની યાદ અપાવે છે. કારણ કે ત્યારે પરમપિતા પરમાત્મા શિવે અવતરણ કર્યું અને આપણે જ્ઞાન હોળી રમ્યા. આત્માઓ સાથે મંગળ મિલન મનાવ્યું. હિરણ્ય કશ્યપ રાજાને વરદાન હતું. ન દિવસ હોય ન રાત્રિ. તો તે આ સંગમના સમયની જ યાદગાર છે. હવે વર્તમાન સમયે પરમપિતા પરમાત્મા દ્વારા પ્રત્યક્ષ જ્ઞાનની હોળી, મંગળ મિલન મનાવી રહ્યા છે. અત્યારે આ પુરૂષોત્તમ સંગમયુગ છે. પરંતુ આ રહસ્યથી અજાણ લોકો સ્થૂળ રંગની હોળી મનાવીને સમય, ધન, વસ્તુ અને શક્તિને બરબાદ કરે છે.

## હોળીને હોળીના રૂપમાં મનાવો

હવે ભગવાનની આજ્ઞા અનુસાર એકબીજામાં શત્રુતા, ભેદભાવ, રાગ-દ્વેષ,

(અનુસંધાન પેજ નં. 33 પર)

# શિવ હૃદયનાં સ્વામિની - દાદી હૃદયમોહિની

બ્ર.કુ. હેમંતભાઈ, શાંતિવન, આબુરોડ.



એક બાળકે જન્મની થોડીક ક્ષણો પૂર્વે ભગવાનને વિનમ્ર ભાવે કહ્યું, 'પ્રભુ, મને તમારી પાસે જ રહેવા દો ને, હું તો આટલો નાનો છું ધરતી પર કેવી રીતે રહીશ?' ત્યારે ભગવાને કહ્યું, 'મારી પાસે ઘણા દેવદૂત છે તેમાંથી મેં તારા માટે એક દેવદૂત પસંદ કર્યો છે, જે તારી સંભાળ રાખશે.' બાળકે પૂછ્યું, 'પણ મને લોકોની ભાષા પણ નથી આવડતી, તેઓ મારી સાથે વાત કરશે તો હું કેવી રીતે સમજીશ?' પ્રભુ બોલ્યા, 'દેવદૂત એ ભાષામાં મીઠી-મીઠી વાત કરવાનું પણ શિખવાડશે.' બાળકે પૂછ્યું, 'તમારી યાદ આવશે તો તમારી સાથે વાત કેવી રીતે કરીશ?' ભગવાને કહ્યું, 'દેવદૂત તને મારી સાથે વાત પણ કરાવશે.' ત્યારે સ્વર્ગમાં અસીમ શાંતિ હતી પણ પૃથ્વી પર કોઈના કણસવાનો અવાજ આવી રહ્યો હતો. બાળક સમજી ગયો કે હવે તેને જવું પડશે, તેણે રડતાં-રડતાં ભગવાનને કહ્યું, 'હે ભગવાન, હવે હું જવાનો છું, કૃપા કરીને મને તે દેવદૂતનું નામ તો જણાવો.' ભગવાન બોલ્યા, 'બસ, તું તેને મા કહીને બોલાવીશ.'

જી હાં, મુજ આત્મા માટે, તે દેવદૂત બીજું કોઈ નહીં પણ મારી મીઠી પ્યારી મમતામયી 'દાદીમા', 'દાદી ગુલઝાર જી' જ હતાં, જેમણે મા બની, મુજ બાળકની બુદ્ધિરૂપી આંગળી પકડી મને આધ્યાત્મિક માર્ગ પર ચાલવાનું શીખવ્યું. મીઠી-મીઠી વાતોથી હૃદયનાથની સાથે હૃદયનો નાતો જોડતાં શિખવ્યું. અનેકવાર પ્રાણપ્યારા પ્રભુ સાથે મિલન કરાવ્યું. સાચા પરવાના બનાવી શિવ શમા પર બલિહાર કર્યો. તે માર્ગદર્શક બની જીવનના દરેક વળાંક પર પડછાયો બની ઉભા રહ્યાં. હંમેશા ખુશહાલ તેમજ દેવદૂતની ચાલથી દાદીજીના દેહની દુનિયાથી દૂર લઈ જાય તેવી રૂહાની અદાઓ એજ કહેતી, 'હું પરીઓની રાણી છું, હું આકાશમાંથી આવી છું...' સાચું કહું તો, તેમનો આ વિકારી જગત સાથે કોઈ સંબંધ ન હતો. તેઓ તો હતાં જ જન્મજાત દેવદૂત ! કેટલું મનમોહક મનોહર વ્યક્તિત્વ, કેવું ન્યારુ-નિરાળું નૂરાની તેજ અને ઓજથી ઝળકતું મુખમંડળ! આજે પણ તે સૂક્ષ્મવતનમાંથી પરીઓની રાજ-કુમારી બની, દેવદૂત બનવાના માનો કે ઇશારા કરી રહ્યાં છે.

દાદીજીનો દૈહિક જન્મ કરાંચીના ભક્તિ-ભાવપૂર્ણ પરિવારમાં ૧-૭-૧૯૨૬ના શુભ દિવસે થયો હતો. પિતા હાસારામ અને માતા રૂકમણી (સાસરીનું નામ)એ નામ રાખ્યું 'શોભા' બ્રહ્મા બાબા તેમને પ્રેમથી કહેતા 'ગુલઝાર' શિવપિતાએ દાદીજીને અવ્યક્ત નામ આપ્યું, 'હૃદયમોહિની' એકવાર કરાંચીમાં દાદીની લૌકિકમાની મામીએ બ્રહ્માબાબાને મહાપુરુષ જાણી આમંત્રણ આપ્યું. શોભા, દાદી ઓલરાઉન્ડર સાથે મામીના ઘરે ગઈ, ત્યાં સત્સંગમાં જતાની સાથે જ ટ્રાન્સમાં ગઈ. સત્સંગ પૂરો થયો, પરંતુ તે જાગૃત અવસ્થામાં ના આવી તો માએ જગાડી. માએ પૂછ્યું કે તે શું જોયું? તો તે કંઈ કહી ના શકી, પછી માએ તેને શ્રી કૃષ્ણ, શ્રી રામ વગેરેના ચિત્રો બતાવ્યા. તેણે દીદારમાં જોયેલી શ્રી કૃષ્ણની છબી તો, તે ચિત્રો કરતાં વધુ સુંદર હતી. ત્યારબાદ તેમનું જ્ઞાનમાર્ગમાં પદાર્પણ

થયું. તે દિવસોમાં બ્રહ્માબાબાએ સિંધહૈદરાબાદમાં બાળકો માટે હોસ્ટેલ ખોલી હતી. જેમાં બાળકો ગુરૂકુળની માફક ભણી શકતા હતા. ગીતાપાઠી માએ ૯ વર્ષની શોભાને શ્રેષ્ઠ સંસ્કાર આપવા માટે ઓમ નિવાસ બોર્ડિંગમાં પ્રવેશ અપાવ્યો.

દાદીજીને બાબા-મમ્મા પાસેથી એક રાજકુમારી કરતાં વધુ પ્રેમ અને સ્નેહ મળ્યાં. બાબા કહેતા, 'ભક્તો તો જડ મૂર્તિઓને ભોગ ચઢાવે છે, તમે તો ચૈતન્ય ઠાકુર છો, હું ચૈતન્ય મૂર્તિઓને ભોજન કરાવું છું.' બાબા બાળકોને પોતાના ખોળામાં બેસાડીને પોતાનાં હાથેથી મોસમનું પહેલું ફળ ખવડાવતા. એક મોટા હોલમાં ૮૦ પલંગ હતા. બાળકોને બ્રશમાં પેસ્ટ પણ લગાવીને આપતાં. બાથરૂમમાં કપડાં તૈયાર હોય. રોજ રાત્રે માલીશ થાય. સફેદ ચાદરથી સજાવેલી પથારી પર મચ્છરદાની લગાવવામાં આવતી અને સંભાળ લેવાવાળી બહેન ટોર્ચ લાઈટથી ચેક કરે કે કોઈ મચ્છર તો નથી ને? બાબા-મમ્મા આવીને ગુડનાઈટ કરતાં. મચ્છરદાની પડતાં જ ગીત વાગતું, 'સોજા રાજકુમારી સોજા..' સૂતા પહેલા, બાબા ૩ મિનિટમાં આખા દિવસનો ચાર્ટ ચેક કરાવતાં. સવારે 'જાગ સજનિયાં જાગ...' એ ગીત સાથે ઉઠાડતા. સવારે ચંદ્રમણિદાદી ડ્રીલ કરાવતા, એકબીજાને આત્મા તરીકે જોવાની પ્રેક્ટિસ કરાવતા. બાબા પોતે પાઠ લખતાં અને દાદીઓ ભણાવતા. બાબાએ લખેલા ગીતો અને કવિતાઓ મીઠ્ઠુંદાદી મધુર સુરીલા અવાજમાં ગાતા. દીદારમાં જોયેલા દિવ્ય દ્રશ્યોને બાબા નૃત્ય નાટક રૂપે લખી રજૂ કરાવતાં. દાદીએ તો બાબા પાસેથી તે નિઃસ્વાર્થ પ્યારભરી પાલના મેળવી, જે રાજા-મહારાજાને પણ નસીબ નથી હોતી.

એ દરમિયાન હૈદરાબાદમાં પવિત્રતાને લઈને તોફાનો-ધરણાં થયા. બાળકોના નામે વોરંટ નીકળ્યા તો તેમને ઘરે મોકલી દીધા. વોરંટ આવ્યા પછી શોભા પણ ઘરે આવી. અહીં બાબા પણ કરાંચી આવી ગયા. ઓલરાઉન્ડર દાદીએ સખત વિરોધનો હિંમતપૂર્વક સામનો કર્યો. તેમને વારંવાર થતું કે દાનમાં આપેલી વસ્તુ (શોભા) પાછી ના લેવી જોઈએ. આથી, એક વર્ષ પછી, તેઓ એક દિવસ સવાર-સવારમાં શોભાને ઘોડાગાડીમાં બેસાડી ઓમ નિવાસ મૂકી આવ્યા. ૧૪ વર્ષની અખંડ યોગભઠ્ઠીની તપસ્યા પછી દાદી કંચન બન્યા. દાદીજી એ જ મુખ્ય સંદેશવાહક બની સૂક્ષ્મવતન તથા સતયુગી દુનિયાનાં ઘણા રાજ ખોલ્યા. પિતાશ્રી બ્રહ્માબાબાએ દાદીની આંખો જોઈ વરદાન આપ્યું કે આ નયન બહુ સેવા કરશે. આમ જ એક દિવસ માતેશ્વરીજીએ મીઠો અવાજ સાંભળીને કહ્યું કે તેમની મધુર વાણીથી સેવા થશે. ખરેખર જ્યારે બ્રહ્માબાબા અવ્યક્ત થયાં તો હૃદયમોહિની દાદીનાં નયનો દ્વારા અસંખ્ય બ્રહ્માવત્સો પરમાત્મ દૃષ્ટિ મેળવી ધન્ય બનતા રહ્યા. સાથે-સાથે પાંચ સોનેરી દશકાઓ સુધી દાદીજીના મુખકમળથી જ ઈશ્વરીય અમૃત વચનોનું પાન કરી ઈશ્વરીય મિલનનું પદમાપદમ સૌભાગ્ય પ્રાપ્ત થતું રહ્યું.

મુજ આત્માને દાદીજી તરફથી મળેલ અતુલ્ય પ્રેમ-પાલના અવર્ણનીય છે. હું ૧૯૯૦માં મધુબનમાં સમર્પિત થયો. માતેશ્વરીભવન ખાતે સેવામાં ઉપસ્થિત હતો, જ્યાં અમે વેસ્ટ ચીજોમાંથી રોક ગાર્ડન અને ઝરણાંનું નિર્માણ કર્યું હતું, તેમાં કેટલીક માટીની મૂર્તિઓ પણ શણગારી હતી. તેને જોવા માટે દાદીજીને હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યું,તો સહજભાવથી નિમંત્રણ સ્વીકારી દાદીજી પધાર્યા. અમે ભાવવિભોર થઇ તેમને ફૂલોના ગુલદસ્તા સાથે આવકારવા આતુર હતા. પરંતુ દાદીજી કારમાંથી નીચે ઉતર્યા ત્યારે કેટલાક

આદિવાસી બાળકો બગીચામાં સુશોભિત રમકડાં જોઈ રહ્યા હતા, દાદી તેમની સાથે આત્મીયતાથી વાતચીત કરવામાં તલ્લીન થઈ ગયા. કદાચ જ બાળકો ન્હાયા-ધોયા હશે! ફાટેલા મેલા-જૂના, અવ્યવસ્થિત કપડાં, વિખરેલા વાળ, બાળકોનું આવું અસ્વચ્છ વલણ જોઈ કોઈ પણ તેમનાથી દૂર ભાગે. પણ દાદીજી તનની ગંદકી અવગણી, મનનું ભોળપણ જોઈ માસુમિયતથી કહી રહ્યા હતાં, 'આને (મૂર્તિઓને) હાથ ના લગાવશો. દૂરથી જુઓ.' દાદીજીના હાવભાવ અને પેલા બાળકો સાથે હૃદયની વાતચીત જોઈને હું સ્તબ્ધ થઈ ગયો! કેવું નિષ્પાપ મન! દાદીજીની કેટલી નિર્દોષતા હતી! તેના નિર્મળ હૃદયમાંથી પ્રેમનું ઝરણું ઝર-ઝર વહી રહ્યું હતું. અચાનક હૃદય ગાઈ ઉઠ્યું, 'ઓ મૈયા મોરી, તું મનની બહુ મીઠી છે!'

ઉપરોક્ત પ્રસંગે, સ્વયં ભગવાન દાદીજીમાં કેમ આવે છે? એ પ્રશ્નનો મને જવાબ આપ્યો. દાદીજીના શુદ્ધ હૃદયે તો સત્યમ શિવમ સુંદરમને પણ મોહી લીધાં. તેમના પાવન મનભાવન હૃદયે ભગવાનને પણ મંત્રમુગ્ધ કરી દીધા! દાદીજીની સહજ, સરળ, બાલીશ નિર્દોષતાએ શિવહૃદય પર સદાય રાજ કર્યું. દાદીજી તો ચેતન શિવાલય હતા. જ્યારે પણ મારે દાદીજીને મળવાનું થતું, ત્યારે અનુભવ થતો, સ્વયં શિવ તેમનામાં વિરાજમાન છે. તેઓ હરતા-ફરતા પણ પ્રભુ મિલનની અનુભૂતિ કરાવી દેતા હતાં. સાચે જ દાદી હતાં જ શિવપ્રિયા, શિવભાર્યા, શિવઅનુરાગિણી, શિવ-અર્ધાંગિની, શિવહૃદયસ્વામિની, દાદી હૃદય-મોહિની!

કહેવાય છે કે તોફાનોમાં તોહફા(ભેટ) હોય છે. મુજ આત્માની પણ તન-મનની સ્થિતિની પરીક્ષાઓ ચાલી રહી હતી. હું દાદીજીની પાસે દિલ્હી, પાંડવ ભવન ગયો. જ્યાં દાદીજીના અઠવાડિયાના સથવારે અનુભવ કરાવ્યો કે, કેવી રીતે એક માતા તેના બાળકની પડખે ઊભી રહી મુશ્કેલીઓથી પાર કરાવે છે. દાદીજી રોજ દિલનાં હાલ પૂછતા અને કહેતા 'હેમંત, આ તો ખેલ છે, પેપર છે.' એ જોરદાર શક્તિશાળી શબ્દોએ પહાડને પણ રાઈ તો શું રૂ બનાવી દીધો. એક દિવસ દાદી માનેસર ગયા હતા. તો દાદીજીના રૂમની બહાર હું તાજ, ફૂલનો હાર, ચુંદડી, ચંદનનું તિલક, ફળો, ચાંદીની વાટકી, ચમચી વગેરે તૈયાર કરીને તેમની રાહ જોઈ રહ્યો હતો. દાદીજી આવ્યા અને મારી મનની મુરાદ પૂરી કરી. પાંડવ ભવનની કેટલીક બહેનો સામે દાદીજીનો શણગાર કર્યો, તિલક લગાવી, ચુંદડી ઓઢાડી અને ચાંદીની કટોરીમાંથી ચાંદીની ચમચી વડે જાતે બનાવેલો ગાજરના હલવાનો ભોગ પણ સ્વીકાર કરાવ્યો, એવું લાગ્યું જાણે દાદી બાળ કૃષ્ણનું મોહિની રૂપ ધારણ કરી ભાવનાનો ભોગ સ્વીકાર કરી રહ્યા છે. તે સમયે દાદી સહિત કુલ આઠ આત્માઓ વિરાજમાન હતી. એ પણ કમાલ હતી કે અષ્ટરત્ન દાદીએ ભવિષ્યના દૈવી સ્વરૂપની ઝલક કરાવી, વિઘ્નવિનાશક બનીને મને નિર્વિઘ્ન કર્યો, માનો મને નવું જીવન મળી ગયું.

દાદીજી તો પવિત્રતાની જીવતી જાગતી ચૈતન્ય દીવાદાંડી સમાન હતા. તેમનાં શીતળ તન-મનથી સુખ-શાંતિની તરંગો અવિરત નીકળતી રહેતાં. જે રીતે પાર્વતીએ હિમાલયમાં તપસ્યા કરીને શિવને પસંદ કર્યા હતા, તેવી જ રીતે દાદીજી મહાશિવરાત્રીના પાવન પર્વની મંગળ વેળામાં શિવ શમા પર કુર્બાન થઈ ગયા. 11 માર્ચ 2021 સતગુરુવારના શુભ દિવસે સાકાર તન-વતન ત્યજીને અવ્યક્ત વતનવાસી બની ગયા. આજે પણ, તેઓ આપણને પોતાના જેવા ફરિશ્તા

**(અનુસંધાન પેજ નં. 31 પર)**

# મહાશિવરાત્રીનું આધ્યાત્મિક મહાત્મ્ય

બ્ર.કુ. સુરેખાબેન, ગોધરા

ભારત બહુવિધ સાંસ્કૃતિક વારસો ધરાવતો અને અધ્યાત્મપ્રધાન દેશ છે. ભારતમાં જેટલા તહેવારોની ઉજવણી થાય છે. તેટલા તહેવારોની ભાગ્યે જ કોઈ દેશમાં ઉજવણી થતી હશે. પ્રત્યેક તહેવાર લુપ્ત થઈ ગયેલ, વિસ્મૃત થઈ ગયેલ આધ્યાત્મિક રિવાજો અને દિવ્યતાને જાગૃત કરે છે. શિવરાત્રી આ તહેવારોમાંનો જ એક વિશિષ્ટ અને મુખ્ય તહેવાર છે.

શિવરાત્રીનું મંગલ પર્વ ભારતના લાખો મંદિરોમાં ભક્તિભાવથી ઉજવાય છે. શિવના ભક્તો આ પર્વ પર ઉપવાસ, જાગરણ, પૂજા અને આરાધના કરી શિવની ઉપાસના કરે છે. પરંતુ શિવની સાચી ઓળખથી ઘણા અજાણ છે. શિવ કોણ છે? શિવનો રાત્રી સાથે શું સંબંધ છે? શિવરાત્રીના પર્વનું આધ્યાત્મિક રહસ્ય શું છે? તેનું સાચું મહાત્મ્ય જાણીએ.

## પરમાત્મા શિવ કોણ છે?

પરમાત્મા શિવ નિરાકાર અને જ્યોતિબિંદુ સ્વરૂપ છે. સાકારમાં દર્શન અને પૂજા માટે શિવલિંગની પ્રતિમા બનાવેલ છે. શિવ રૂપમાં બિંદુ પણ ગુણોમાં સિંધુ છે. શિવનો અર્થ થાય છે. કલ્યાણકારી, પરમાત્મા શિવ સર્વ માનવ આત્માઓના પરમ કલ્યાણકારી છે. તેઓ દુ:ખહર્તા અને સુખકર્તા છે. ભારતના ખૂણે ખૂણે શિવના મંદિરો આવેલા છે જે પરમાત્મા શિવના મહાન કર્તવ્યના સૂચક છે. જેમ કે અમરનાથ, સોમનાથ, પાપકટેશ્વર, મુક્તેશ્વર, મહાકાલેશ્વર, ત્રિભુવનેશ્વર, ભોલાનાથ વગેરે. શ્રીકૃષ્ણ અને મર્યાદા પુરુષોત્તમ શ્રી રામચંદ્રજીના ઈષ્ટદેવ પણ પરમાત્મા શિવ જ છે. ગોપેશ્વર અને રામેશ્વર જેવા વિશાળ શિવના મંદિરો આજે પણ તેના સાક્ષી છે.

શિવને ત્રિમૂર્તિ શિવ કહે છે. જેની યાદગાર રૂપે શિવલિંગ ઉપર ત્રિપુંડ કરવામાં આવે છે. બ્રહ્મા, વિષ્ણુ અને શંકરના રચયિતા હોવાથી શિવને ત્રિમૂર્તિ કહે છે. આમ, શિવ અને શંકર જુદા છે. શિવ રચયિતા છે. જ્યારે શંકર તેમની રચના છે. શિવને કૈલાસ પર્વત ઉપર ધ્યાનસ્થ અવસ્થામાં દેખાડવામાં આવે છે. તે રચયિતા પરમાત્મા શિવનું ધ્યાન કરે છે. આમ, શિવ દેવોના દેવ મહાદેવ છે.

નિરાકાર પરમાત્મા શિવ સર્વ આત્માઓના પરમપિતા છે. ગુરુનાનક આંગળીના ઈશારા સાથે કહે છે. એક ઓમકાર સતનામ, ક્રાઈસ્ટ પણ ‘ગોડ ઈઝ લાઈટ’ કહે છે. યહુદીઓ અને ખ્રિસ્તીઓના ધર્મ પુસ્તકમાં પણ ‘જિહોવા’ પરમાત્મા જ્યોતિબિંદુ સ્વરૂપનું વર્ણન કરે છે. મુસલમાન લોકો પણ મક્કા હજ કરવા જાય ત્યારે નમાજ પછી ‘સંગ-એ-અસ્વદ’ નામના નિરાકાર શિવલિંગ આકારના પથ્થરને નમન કરે છે. આમ, અન્ય ધર્મોમાં પણ જ્યોતિ સ્વરૂપને જ પરમાત્માની માન્યતા મળેલ છે.

## શિવનો રાત્રિ સાથે શું સંબંધ છે?

પરમાત્મા શિવ અજન્મા છે. અર્થાત્ તેઓ જન્મ મરણના ચક્રથી ન્યારા છે. તેઓ દિવ્ય અવતરણ કરે છે. પોતે સદા શિવ એટલે કે સદા જ્યોતિ સ્વરૂપ હોવાના લીધે અશરીરી છે. તેઓ અકર્તા અને અભોક્તા છે. શિવને સ્વયંભૂ કહે છે. તેઓ સ્વયં પ્રગટ થાય છે. અર્થાત્ સ્વયં અવતરણ કરે છે. શિવ પિતા પરમધામ નિવાસી છે. સૂર્ય, ચંદ્ર અને તારામંડળથી પણ પાર તેઓ છઠ્ઠા બ્રહ્મ મહા-

તત્વમાં પરલોક બ્રહ્મ લોકમાં નિવાસ કરે છે.

શિવરાત્રી એ નિરાકાર પરમાત્મા શિવના સૃષ્ટિ પર દિવ્ય અવતરણના યાદગારનું મહાન પર્વ છે. સમગ્ર સૃષ્ટિ પર જ્યારે અજ્ઞાન અંધકાર વ્યાપે છે. ચારેકોર ઘોર પાપાચાર, અત્યાચાર અને આતંકના કારણે માનવ આત્માઓ દુઃખી અને અશાંત થઈને પરમાત્માને પોકારે છે. હે પ્રભુ, આ દુઃખની દુનિયામાંથી પાર લઈ જાઓ. ત્યારે ગીતામાં આપેલા વાયદા મુજબ જ્ઞાન સૂર્ય પરમાત્મા શિવ અજ્ઞાનતારૂપી અંધકારના વિનાશ માટે દિવ્ય અવતરણ કરે છે. વિકારી, અપવિત્ર દુનિયાને નિર્વિકારી, પાવન વિશ્વ બનાવવા તેમજ કળિયુગ, દુઃખધામના સ્થાને સતયુગ સુખધામની સ્થાપના માટે પરમાત્મા શિવ એક સાધારણ વૃદ્ધ તનનો આધાર લઈ અવતરિત થાય છે. જે તન (શરીર)નું નામ પ્રજાપિતા બ્રહ્મા રાખે છે. બ્રહ્માના સાકાર માધ્યમથી રૂદ્ર જ્ઞાન યજ્ઞની રચના કરે છે. આમ, બ્રહ્મા ભગવાન શિવનો ભાગ્યશાળી શરીરરૂપી રથ હોવાના કારણે ભગીરથ કે શિવના નંદી તરીકે ઓળખાય છે. આમ, શિવ નિરાકારી છે પરંતુ તેમનું વાહન નંદી શરીરધારી છે.

## શિવરાત્રી પર્વનું આધ્યાત્મિક રહસ્ય

પરમાત્મા શિવ બિંદુરૂપ છે. તેની યાદગારમાં ભક્તો શિવલિંગની આરાધના કરે છે. તેની ઉપર દૂધ, બિલીપત્ર અને ધતૂરા અને કરણના ફુલ ચઢાવાય છે. જે સુગંધ રહિત અને નકામા હોય છે. એટલે કે બૂરાઈઓ કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકાર આ પાંચ વિકારો જે આપણી પાસે છે તેને શિવ પર અર્પણ કરવાના છે. શિવરાત્રી પર ભાંગ પીને નશો કરવામાં આવે છે. વાસ્તવમાં પરમાત્મા શિવના સત્ય જ્ઞાનના સ્મરણથી ખુશી અને આનંદના નશામાં રહેવાનું છે.

શિવરાત્રી નિમિત્તે કરાતા ઉપવાસનું આધ્યાત્મિક રહસ્ય એ છે કે પરમાત્મા જેઓ ઉપર વાસ કરે છે. અર્થાત્ પરમધામમાં રહે છે ત્યાં મન-બુદ્ધિને સ્થિર કરી તેમને યાદ કરવા અને બ્રહ્મચર્ય વ્રત સાચો ઉપવાસ છે. બ્રહ્મચર્યના પાલનથી મનુષ્યાત્માને પરમાત્માનું સાનિધ્ય પ્રાપ્ત થાય છે.

ભક્તો આ દિવસે સ્થૂળ જાગરણ કરે છે. વાસ્તવમાં અજ્ઞાનનિદ્રામાંથી આત્માને જાગૃત કરી પરમાત્માને યાદ કરીએ એ જ સાચું જાગરણ છે. માત્ર એક રાત્રીના જાગરણથી કોઈ જ અવિનાશી પ્રાપ્તિ થતી નથી. વર્તમાન કલિયુગમાં મહા-શિવરાત્રીનો સમય પસાર થઈ રહ્યો છે. આ સમય દરમિયાન આત્માને દિવ્ય જ્ઞાન દ્વારા જાગૃત કરવો તે જ સાચા અર્થમાં જાગરણ છે. આ આધ્યાત્મિક જાગરણથી જ મુક્તિ જીવનમુક્તિની પ્રાપ્તિ થાય છે.

## શિવાલય સંબંધી જોડાણનું ગુપ્ત રહસ્ય

**સફેદ નંદી -** સફેદ વસ્ત્રધારી પ્રજાપિતા બ્રહ્મા કે જેના તનમાં શિવનું અવતરણ થાય છે. તેનું તે પ્રતીક છે.

**કાચબો -** ચારે તરફ ભટકતી સ્થૂળ ઈન્દ્રિયોને કાચબાની માફક સમેટીને એક ચિત્તે પરમાત્મા સાથે તાદાત્મ્યનું તે પ્રતીક છે.

**જળાધારી -** બુદ્ધિમાં શિવ દ્વારા અપાયેલ ઈશ્વરીય જ્ઞાન સદા રહે અને તે દ્વારા શિવની નિરંતર યાદ રહે તેનું તે પ્રતીક છે.

**ત્રિપુંડ -** પરમાત્મા ત્રિકાળદર્શી અને ત્રિમૂર્તિ દેવતાઓના રચયિતા છે. તેની યાદગાર છે.

**ધતૂરાના ફૂલ -** મનુષ્યોમાં રહેલા વિકારો, બૂરી આદતો, પતિતપણું આદિ સર્વને પરમાત્મા

(અનુસંધાન પેજ નં. 31 પર)

# પ્રસંગ પરિમલ

## પ્રસન્નતા

એક કહેવત છે, 'જ્યાં ના પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ'. એવામાં એક કવિ બાગમાં ફરી રહ્યા હતા. બાગમાં હજારો ફૂલ ખીલ્યાં હતાં. બધાં જ ફૂલો હસતાં દેખાતાં હતાં. એ બાગની શોભા સ્વર્ગ જેવી હતી. કવિ મહોદય એક ફૂલની પાસે ગયા અને બોલ્યા કે પુષ્પ, તું થોડા દિવસોમાં કરમાઈ જઈશ. કેટલાક દિવસોમાં તું માટીમાં ભળી જઈશ. છતાં પણ તું હસતું રહે છે. તારી આ તાજગીનું રહસ્ય શું છે? ફૂલ કંઈ બોલ્યું નહીં. એટલામાં એક પતંગિયું ક્યાંકથી ઉડીને આવ્યું. તે ફૂલ ઉપર બેઠું. લાંબા સમય સુધી પતંગિયાએ ફૂલની સુંદરતા અને સુગંધનો આનંદ માણ્યો. પછી તે ઉડી ગયું. હવે થોડા સમય પછી એક ભ્રમર આવ્યો અને ફૂલની આસપાસ ઉડતાં તેણે મધુર સંગીત સંભળાવ્યું. પછી ફૂલ ઉપર બેસીને સુગંધ માણીને ઉડી ગયો.

એક મધમાખી ઝૂમતી આવી અને ફૂલ પર જઈને બેસી ગઈ. તાજો અને સુગંધિત પરાગ મેળવીને મધમાખી ઘણી ખુશ થઈ અને મધ બનાવવા માટે ઉડી ગઈ.

પછી એક નાનું બાળક પોતાની મા સાથે બાગમાં રમવા આવ્યું. ખીલેલાં ફૂલો જોઈને તે ઘણું પ્રસન્ન થયું. પોતાના કોમળ હાથથી બાળક ફૂલને અડક્યું પછી ખુશ થઈને રમવા ચાલ્યું ગયું.

હવે ફૂલે કવિના પ્રશ્નનો ઉત્તર આપ્યો. જોયું, થોડા સમય માટે પણ મારા જીવનથી કોણ જાણે કેટલાંયને મેં ખુશી આપી છે. આ થોડા દિવસોના સમયમાં જ મેં ઘણા લોકોના ચહેરાઓ ઉપર સ્મિત આણ્યું છે. મને એ પણ ખબર છે કે થોડા સમય પછી મારે માટીમાં ભળી જવાનું છે. આ માટીએ જ મને તાજગી અને સુગંધ આપી છે. તેથી માટીમાં ભળી જવા બદલ મારી કોઈ ફરિયાદ નથી.

હું હસું છું કારણ કે હું હસવાનું જાણું છું. હું ખીલું છું કારણ કે ખીલવાનો ઘનગનાટ હું જાણું છું. હું કરમાઈ જઈશ એનું મને દુઃખ નથી. મારા પછી આ માટીમાં જ ફૂલ ખીલશે, બાગ સુગંધિત થઈ જશે. ના આ તાજગી અટકશે અને ના આ સ્મિત, આજ તો જીવન છે. પિનાક કહે છે,

અરે, પ્યારા પુષ્પ ! મરણ તુજ છે સાંજ પડતાં.
વદે સ્મિતે પુષ્પ, સુરભિ પ્રગટે જીવન તણી.

## મીણનો સિંહ

ઠંડીના દિવસો હતા. અકબર, દરબાર ભરીને બેઠા હતા. ત્યારે ફારસના રાજાએ મોકલેલો દૂત દરબારમાં ઉપસ્થિત થયો. અકબરને નીચા દેખાડવા માટે ફારસના રાજાએ મીણમાંથી સિંહનું પૂતળું બનાવ્યું. સિંહને એ પાંજરામાં બંધ કરીને દૂત દ્વારા પાંજરું મોકલ્યું. અને એવો પડકાર ફેંક્યો કે પાંજરાને ખોલ્યા વગર સિંહને બહાર કાઢો. બીરબલની અનુપસ્થિતિમાં અકબર પોતાની આબરૂ જશે એવું વિચારવા લાગ્યા. એટલામાં બીરબલ આવી ગયો.

બીરબલે સળિયો ગરમ કરાવ્યો. તેને અડતાં જ સિંહ પીગળી ગયો. તેમાંથી મીણ બહાર નીકળવા લાગ્યું. અકબર બીરબલની ચતુરાઈથી ઘણા ખુશ થયા. એનો સંદેશ છે કે બુદ્ધિના બળ પર મોટામાં મોટી સમસ્યાને ઉકેલી શકાય છે.

**॥ ઓમશાંતિ ॥**

# શાંતિવન 'ગોડલીવુડ સ્ટુડીયો' 'ગુજરાતી વિભાગ'ની વિવિધ સેવાઓ

સર્વ સ્નેહી દૈવી ભાઈઓ તથા બહેનોને ગુજરાત ઝોન ઈન્ચાર્જ ભારતીદીદી તથા શાંતિવન ગોડલીવુડ સ્ટુડીયો તરફથી હરિલાલભાઈની ઈશ્વરીય સ્નેહ સમ્પન્ન મધુર યાદ.

## ગુજરાતી ગોડલીવુડની વેરાયટી સેવાઓ તથા સોશ્યલ મીડીયાના વિવિધ પ્લેટફોર્મની માહિતી

ગોડલીવુડ સ્ટુડીઓ તરફથી વિશેષ ગુજરાતની સેવા હેતુ ગુજરાતની સંસ્કૃતિને આધારીત મ્યુઝીક પ્રોગ્રામ, ગુજરાતી ગીતો, ડાન્સ પ્રોગ્રામ, વિવિધ વિષયો પર ચર્ચાઓ (ટોક શો) દરરોજની મુરલી, દરરોજનો સુવિચાર, ગુજરાતના સિનીયર ભાઈ-બહેનોનાં પ્રવચનો, જુદાં-જુદાં તહેવારોના રહસ્યો જેવાં વેરાયટી અને નવીન કાર્યક્રમો તૈયાર કરવામાં આવે છે.

ગોડલીવુડ સ્ટુડિયોના ગુજરાતી વિભાગ દ્વારા નીચે જણાવેલ સોશિયલ મીડીયાના જુદા-જુદા પ્લેટફોર્મ ઉપર હવે આપ સૌ આ વિભિન્ન કાર્યક્રમો અને સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. આપ સૌ ભાઈ-બહેનો નીચે જણાવેલ નામથી સર્ચ કરી સેવાઓનો લાભ લેશો તથા અન્ય ભાઈ-બહેનોમાં ઉમંગ-ઉત્સાહ ભરી તેઓને આ પ્લેટફોર્મનો ઉપયોગ કરવા માટે આ માહિતી મોકલી આપશો. જેની લીંક આ સાથે આપેલ છે.

1. YOUTUBE - Brahma Kumaris Gujarati Godlywood
   https://youtube.com/c/BrahmakumarisGujartiGodlywood
2. FACEBOOK - Gujarati Godlywood
   https://www.facebook.com/gujaratigodlywood
3. TWITTER - @GujaratiGWS
   https://twitter.com/GujaratiGWS
4. INSTAGRAM - gujaratigodlywood
   https://www.instagram.com/gujaratigodlywood
5. TELEGRAM - @GujaratiGWS
6. KOO - @GujaratiGWS
   https://www.kooapp.com/profile/GujaratiGWS

## ગુજરાતી ગોડલીવુડ ચેનલ દ્વારા નવા વર્ષની ગીફ્ટ

ખુશખબરી છે. ગોડલીવુડ સ્ટુડીયોના ગુજરાતી વિભાગ દ્વારા આ વર્ષે વિશેષ બાબાના ખૂબ સુંદર નવા-નવા ગુજરાતી ગીતો તૈયાર થઈ રહેલ છે. અત્યારે 28 જેટલાં નવા ગીતો તૈયાર કરેલ છે. જે ગુજરાતી ગોડલીવુડ ચેનલ પર ઉપલબ્ધ છે. સૌ ભાઈ-બહેનોને ખાસ નમ્ર નિવેદન કે, આપ ક્લાસમાં પણ ગુજરાતી બાબાના ગીતો પણ જરૂરથી વગાડશો. આપ સાંભળીને બીજા બી.કે. પરિવારના ભાઈ-બહેનોને તથા તમારા સંબંધ સમ્પર્ક નોન બી.કે. લોકોને પણ આગળ મોકલશો. ગીતોની સાથે સાથે મહારથીઓ, વિષય નિષ્ણાતોના પ્રવચનો, ટોક-શો, સુવિચાર, તહેવારોનું રહસ્ય, મુરલી, દિવ્ય વરદાન તથા જ્ઞાન ખજાના જેવી વેરાયટી પ્રોગ્રામોની લીંક અવશ્ય અન્ય લોકો સુધી પહોંચાડવા માટે અવશ્ય ફોરવર્ડ કરી સંગમયુગની અનમોલ સેવાઓમાં સહભાગી બની ભાગ્ય બનાવી લેશો. ગુજરાતી

કહેવતમાં પણ કહ્યું છે કે, આંગળી ચિન્ધ્યાનું પણ પુણ્ય મળે છે.

ગોડલીવુડ ગુજરાતી ચેનલ દ્વારા નિયમિત વિવિધ કાર્યક્રમોની માહિતી અને નવીનતા વોટ્સઅપ ગ્રુપમાં, ફેસબુક તથા ઈ-મેઈલથી પણ સેવા અર્થ મોકલવામાં આવે છે. સોશીયલ મીડીયાના માધ્યમથી બીજા આત્માઓની સેવા પણ કરી શકો છો. આપ તેમાં જોડાવવા માટે અને નિયમિત માહિતી મેળવવા માટે ગોડલીવુડ સ્ટુડિયો ગુજરાતી વિભાગનો જરૂર સંપર્ક કરો. - વોટ્સઅપ નં. - 094141 55104 તથા મોબાઈલ નં. - 70149 86606 પર સંમ્પર્ક કરશોજી.

॥ ઓમશાંતિ ॥

---

(પેજ નં. 21નું અનુસંધાન)...વાહ મારો પરિવાર

વાહ ! વાહ અમારા મોટી બા સમાન દાદી પ્રકાશમણિજી વાહ ! પ્યારા મનમોહિની દીદીજી વાહ ! વાહ અમારો મીઠો પ્રિય પરિવાર વાહ ! વાહ અમારા ભાગ્ય વાહ !

॥ ઓમશાંતિ ॥

---

(પેજ નં. 26નું અનુસંધાન)... શિવ હૃદયનાં

બનવાનું આહ્‌વાન કરી કહી રહ્યા છે... આઓ, ઉડકે વતનમેં જાયેં, ઉસ પ્યારે સે વતન મેં, જહાં બાપ ઔર દાદા હૈ.

॥ ઓમશાંતિ ॥

અનુવાદ - **બી.કે. વિજય પોશિયા**, અમદાવાદ.

(પેજ નં. 28નું અનુસંધાન)... મહાશિવરાત્રિ

પતિત પાવનના નાતે સ્વીકારી લઈ કોડીમાંથી હીરાતુલ્ય બનાવે છે. તેની યાદગાર છે.

**લિંગ કાળા રંગનું -** મનુષ્યોના વિકારોરૂપી ઝેરને સમાવી લે છે એ દર્શાવે છે. તેના પ્રતિરોધ રૂપે જ દૂધ ચડાવાય છે.

**ગણપતિની મૂર્તિ -** શ્રીમત પર ચાલી વિપરીત વાતો પેટમાં સમાવી બારીકાઈથી નિરીક્ષણ કરી ખોટી વાતોને સ્થાને સત્ય બાબતોને જ ધારણ કરી વિઘ્નોનો નાશ કરી વિઘ્ન નાશક બનવાનું સૂચન છે.

**હનુમાનની મૂર્તિ -** બ્રહ્મચર્ય પાલન, ઈન્દ્રિયો પર જીત મેળવી મહાવીર બની ઉપરામ અવસ્થા પામવા સૂચવે છે.

**બિલીપત્ર -** ત્રણ અથવા પાંચ પાનોવાળા બિલીપત્ર સૂચવે છે કે મન, બુદ્ધિ, સંસ્કાર ત્રણેય તેમજ પાંચેય કર્મેન્દ્રિયથી પરમાત્મા શિવને સમર્પણ કરવાની જરૂર છે.

**ઉપવાસ -** ઉપવાસ નહીં પણ ઉપર વાસ અર્થાત્ ઉપર રહેવાવાળા પરમાત્મા સાથે બુદ્ધિથી સમીપ વાસ કરવાનુ પ્રતીક છે.

**જાગરણ -** જાગરણ સૂચવે છે સદા જાગૃત રહી વિકારોરૂપી રાક્ષસ ઉપર વિજય મેળવી વિકર્માજીત બનો. એક દિવસ શિવરાત્રિ અને બાકીના દિવસ વિષરાત્રિ એ યોગ્ય નથી.

બ્રહ્માકુમારીઝ સંસ્થા પરમાત્મા શિવના અવતરણની શિવજયંતી મનાવી રહ્યું છે. ત્યારે આવો આપણે સૌ શિવના દિવ્ય કર્તવ્યને સમજી વિકારોના બંધનમાંથી મુક્ત બની પતિત પાવન શિવ પરમાત્માના જ્ઞાનને જીવનમાં ધારણ કરીે અને સાચી શિવરાત્રિ મનાવી સ્વયંનું ભાવિ ઉજ્જવળ બનાવીએ. ॥ ઓમશાંતિ ॥

# રાજયોગી જીવનનો અનુભવ

બ્ર.કુ. બાબારામભાઈ, મધુવન, માઉન્ટ આબુ

આ અલૌકિક જીવનનો અનુભવ કરતાં અને લગભગ 42 વર્ષ થયાં છે. જ્યારે હું સત્તર વર્ષનો હતો ત્યારે મને ઈશ્વરીય જ્ઞાન મળ્યું, આ જ્ઞાનમાર્ગ પહેલાં હું ભજન મંડળીના સત્સંગમાં જઈને આખી રાત જાગીને ભજન કરતો હતો. અચાનક જ એક ભાઈ મારા ઘેર આવ્યા અને જ્ઞાનની વાતો સંભળાવવા લાગ્યા. હું તો જ્ઞાનની વાતો સાંભળવામાં જ મગ્ન બની ગયો. ચાર-પાંચ દિવસ સુધી જ્ઞાન, સાંભળ્યા પછી, એક વખત સ્વપ્નમાં બાબાએ એક દૃશ્ય બતાવ્યું. મેં જોયું તો ઉપરથી ચમકતી ઘણી શક્તિશાળી લાઈટ (પ્રકાશ) મારી તરફ આવી રહી હતી. હું તો તે લાઈટને જોઈને ઘણો જ ખુશ થયો, ધીરે ધીરે તે લાઈટ મારી નજીક આવી પહોંચી, તો પહેલાં સૂર્યસમાન ચારે બાજુ લાઈટ પ્રસરી રહી હતી. થોડી પળો પછી તે લાઈટ પત્રના આકારમાં આવી ગઈ. પત્ર આકારમાં લાઈટથી ‘પરમધામ’ સુવર્ણ અક્ષરોમાં લખ્યું હતું. બાકી પત્રમાં બીજું કંઈ લખ્યું નહોતું. પત્રની બીજી બાજુથી જ્ઞાનસૂર્ય સમાન ચારે બાજુ લાઈટનાં કિરણો પ્રસરી રહ્યાં હતા. એ સુપ્રીમ લાઈટને જોઈ જોઈને મને પારાવાર આનંદ થયો. ઘણા જ આનંદમાં લાઈટને જોઈ જોઈને લગનમાં મગ્ન થઈ ગયો તો મારા મુખમાંથી નીકળ્યું. પ્રિય બાબા, હું તો કાલે આપને ઘણા જ પ્રેમથી યાદ કરી રહ્યો હતો. તમે તો મારી સન્મુખ આવી ગયા. હું તો આપને જોઈને ધન્ય ધન્ય થઈ ગયો છું. મીઠા બાબા, મીઠા બાબા કહેતા મને એવો અનુભવ થઈ રહ્યો હતો કે, હું આત્મા લાઈટ બાબાની લાઈટના કિરણોમાં સમાઈ જાઉં છું.

કેટલીક પળો પછી બાબાનાં લાઈટના કિરણો ધીરે ધીરે ઉપર ગયાં, તે સુપ્રીમલાઈટ પરમધામમાં પહોંચી ગઈ. હું એ લાઈટને જોયા પછી બીજા દિવસે પણ તે અનુભવમાં ખોવાઈ ગયો હતો.

જે ભાઈએ મને જ્ઞાન આપ્યું હતું એને મેં કહ્યું કે, મને આશ્રમમાં લઈ જાઓ. મને આ જ્ઞાન સાંભળવાની જિજ્ઞાસા થઈ છે. આશ્રમ પર જવાથી બહેનોએ મને વિસ્તારથી જ્ઞાન આપ્યું અને તરત જ મેં મનમાં મારા જીવનનો નિર્ણય કરી લીધો કે હવે મારે આ અલૌકિક જીવન તથા સંપૂર્ણ પવિત્ર જીવન હીરા સમાન બનાવીને બાબાના પૂરા મદદગાર બનવું છે.

જ્ઞાનમાર્ગમાં ચાલતાં ચાલતાં થોડો આગળ વધ્યો તો મારી પરીક્ષા શરૂ થઈ ગઈ. લૌકિક પરિવારવાળાં મારા યોગીજીવનમાં વિઘ્નો નાખવા લાગ્યા. એક વાર તો લૌકિક પિતા અને મામા ગુસ્સે થઈને સમાજની સમિતિના ચેરમેનને સાથે લઈને આવ્યા. મારી પાસે આવીને કહેવા લાગ્યા. ધમકી આપવા લાગ્યા કે, તું આ જ્ઞાન છોડી દે અને લગ્ન કરી દે. નહીંતર તને મારી નાંખીશું. મેં એમને કહ્યું કે લગન માટે તો મારી પાસે સમય નથી. બાબાનું જ્ઞાન તો હું છોડી શકીશ નહીં. આ સાંભળ્યા પછી તેઓ મને મારવાની ધમકી આપવા લાગ્યા. તો મેં કહ્યું, સારું તો જુઓ. સર્વશક્તિવાન પરમાત્માનું મને પીઠબળ છે. પરમાત્મા એક પ્રકાશપુંજ છે જે તમે જોઈ શકતા નથી. બાબા મારા મદદગાર છે. હું આપની સામે જ છું. મારું શરીર ખતમ કરી દો, જ્યારે મેં આટલું કહ્યું, તો ચેરમેન મામાજીને સમજાવવા લાગ્યા કે આ છોકરો માનશે નહીં. એને ઈશ્વરીય ખુમારી ચઢી છે. ઈશ્વરીય નશામાં બોલી રહ્યો છે, તો તમે આ પાપ કરશો

નહીં અને હેરાન કરીને પાપના ભાગીદાર બનશો નહીં. આ છોકરાને ઈશ્વરીય નશો છે તો તેને તે માર્ગમાં જવા દો.

લૌકિક માતાજી એક ગુરુને માનતા હતા. ગુરુજીનું ટાઈટલ શ્રી શ્રી 108 જગદગુરુ મહારાજ હતું. લૌકિક માતાજી પોતાના ગુરુ પાસે ગઈ અને એમને કહેવા લાગી કે મહારાજ, મારા પુત્રને તમે તમારી શક્તિથી પોતાની તરફ ખેંચીને બ્રહ્માકુમારીના પંજામાંથી પાછો લાવો. ગુરુજીએ કહ્યું કે, સારું હું બ્રહ્માકુમારી આશ્રમમાં જઈશ અને એને સમજાવીશ. ગુરુ પોતાના પાંચ છે શિષ્યો સાથે બ્રહ્માકુમારી આશ્રમ પહોંચ્યા. ત્યાંની ટીચર બ્રહ્માકુમારી બહેને ગુરુજીને મળીને કહ્યું, આવો, મહારાજ બેસો. તો ગુરુજીએ કહ્યું કે બેસવું નથી, પણ બાબારામને મળવું છે. ટીચર બહેને કહ્યું કે, બાબારામભાઈ યોગમાં બેઠા છે. તો ત્યાં ઓરડામાં જઈને તમે જ મળી લો. ગુરુજીએ મને યોગમાં બેઠેલો જોઈને શિષ્યોને કહ્યું કે 'આ છોકરો અત્યારે તપસ્યામાં બેઠો છે એને ખલેલ પહોંચાડવી નથી.' એટલા સમયમાં તેઓ બ્રહ્માકુમારી આશ્રમનું મ્યુઝિયમ સમજવા લાગ્યા. મેં યોગમાંથી ઊઠીને ગુરુજીને પૂછ્યું, મ્યુઝિયમ કેવું લાગ્યું? આ આધ્યાત્મિક જ્ઞાનને સમજીને તમે કેવો અનુભવ કર્યો? તો ગુરુજીએ પોતાનો અનુભવ લખ્યો કે, આ સંસ્થા ઘણી સારી છે. જ્ઞાન ઘણું સારું છે. આ બ્રહ્માકુમારી બહેનો તો દેવીઓ છે, તેઓ જ એક દિવસ આ ધરતી પર સ્વર્ગ લાવશે. આ અનુભવ લખીને પાછા પોતાના આશ્રમમાં ચાલ્યા ગયા. લૌકિક માતાજી, ગુરુજીના આશ્રમ પર પહોંચ્યા અને કહ્યું કે, બાબારામભાઈને તમે શું સમજાવ્યું? ગુરુજીએ કહ્યું, જે બાળકને તું તારો સમજે છે તે પુત્ર તારો નથી. તે તો ઈશ્વરનું સંતાન છે. એ બાળકે ઈશ્વરીય સેવા માટે જન્મ લીધો છે. તમારે તો એને ઈશ્વરીય જ્ઞાનમાં ચાલતો જોઈને ખુશ થવું જોઈએ. તમારો પુત્ર સારા માર્ગ ઉપર ચાલી રહ્યો છે. તમે દુઃખી શા માટે થાઓ છો? માતાજીએ કહ્યું, સારું ગુરુજી સત્યવચન મહારાજ, માતાજી નિશ્ચિત બની ગયા અને મને ખુશીથી ઈશ્વરીય સેવા કરવાની રજા આપી. હું 1974થી ઈશ્વરીય સેવામાં મધુવનમાં સમર્પિત છું. જ્યારે મેં શરૂઆતમાં જ્ઞાન લીધું તો આ ઈશ્વરીય માર્ગ પર ચાલનારાં ભાઈઓ બહેનોની પવિત્રતાએ ઘણો આકર્ષિત કર્યો. પવિત્રતાના આધારથી જ વિશ્વ પરિવર્તન થાય છે. પવિત્રતાના આધારથી જ તપસ્યા સફળ થાય છે. જીવન હીરા સમાન બની જાય છે.

**॥ ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. 23નું અનુસંધાન)... દિવ્યદર્શન**

ભેદભાવ ભૂલીને એકબીજા સાથે સાચા હૃદયના પ્રેમભાવથી હોળી મનાવવી જોઈએ. આવી હોળીની ઉજવણી યથાર્થ બનશે.

'બીતી તાહે બિસાર દે, આગે કી સુધિ લેય, જો બન આવે સહજ મેં તાહી મેં ચિત્ત દેય.' અર્થાત્ બીતીને ભૂલી, ભવિષ્યનો વિચાર કરો, જેમાં સરળતા, ભાઈચારો હોય. પરમાત્માની શ્રીમત પર ચાલીને અને આત્મારૂપી ચોળીને જ્ઞાનના રંગથી રંગીને પરમાત્મા સાથે વાસ્તવિક મંગળ મિલન મનાવવી સાચી હોળી-ધુળેટી મનાવીએ.

**॥ ઓમશાંતિ ॥**

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati

## DECLARATION

I **Bharti Ranchhoddas Somaiya** declare that I am the Publisher and Printer of the newspaper entitled **GYAN AMRIT** to be printed and published at AHMEDABAD and that particulars in respect of the said newspaper given hereunder are true to the best of my knowledge and belief.

| | | |
|---|---|---|
| 1) Title of the newspaper | : | GYAN AMRIT |
| 2) Language (s) in which it is (to be), published | : | GUJARATI |
| 3) Periodicity of its publication. | | |
| a) Whether a daily, tri-weekly, bi-weekly, weekly, fortnightly or otherwise. | : | Monthly |
| b) In the case of a daily, please state whether it is a morning or evening newspaper. | : | No applicable |
| c) In the case of a newspaper other than a daily, please state the days(s)/date(s) on which it is ( to be) published. | : | 1st or 2nd date of every months |
| 4) Retail selling price of the newspaper per copy. | : | Retail price Rs. 12/- |
| a) If the newspaper is for free distribution, please state that it is "for free distribution". | : | ------ |
| b) If it has only an annual subscription and no retail price, please state the annual subscription. | : | Annul Subcription Rs. 110/- |
| 5) Publisher's Name | : | Bharti Ranchhoddas Somaiya (Director-Brahma Kumaris, Gujarat) |
| Nationality | : | Indian |
| Address | : | "Jyoti Darshan", 1- Panchshil Society, Gondal Road, Rajkot - 360 004. |
| 6) Place of Publication (please give the complete postal address) | : | Prajapita Brahma Kumaris Ishwariya Vishwa Vidyalaya, "Sukh-Shanti Bhawan", Bhulabhai Park Road, Opp. Municipal School, Kankaria, Ahmedabad - 380 022. |
| 7) Printer's Name | : | Bharti Ranchhoddas Somaiya (Director-Brahma Kumaris, Gujarat) |
| Nationality | : | Indian |
| Address | : | "Jyoti Darshan", 1- Panchshil Society, Gondal Road, Rajkot - 360 004. |
| 8) Name(s) of the printing press(es) where the newspaper is actually printed and the true and precise description of the premises on which the press (es) is/are installed. | : | Shreedhar Printers Pvt. Ltd. J&K, Block No-4, Ravi Estate, Dudheshwar Road, Dudheshwar, Ahmedbad - 380 004. Phone : (079) 2562 5299, 2562 5899 |
| 9) Editor's Name | : | Prof. Dr. Kalidas Dhulabhai Prajapati |
| Nationality | : | Indian |
| Address | : | G-2/22, Shivam Appartment, New Vadaj, Ahmedabad - 380 013. |
| 10) Owner's Name (s) | : | For, Prajapita Brahma Kumaries Ishwariya Vishwa Vidyalaya. |
| a) Please state the particulars of individual(s) or of the firm, Joint Stock Company, trust, co-operative society or association which owns the newspaper. | : | Spiritual Organisation |
| b) Please state whether the owner owns any other newspaper, and, if so, its name, periodicity, language and place of publication. | : | No |
| 11) Please state whether the declaration is in respect of — | | |
| a) a new newspaper, or | : | - |
| b) an existing newspaper | : | Yes |
| c) In case the declaration falls under item | : | Due to death of Publisher and Printer, So Changes of Publisher and Printer's Name & Address |

PLACE : AHMEDABAD

Date : 01-03-2022

(Signature) (Bharti Ranchhoddas Somaiya)

(Under Section-6 of the Press and Registration of Books Acts-1867)

( Act No. 25 og 1867)

**AUTHENTICATED**

Sign and Stamp of Sub Divisional Magistrate (East) Ahmedabad

# સંગમયુગની શબ્દાવલી

દૈવી ભાઈઓ અને બહેનો,

સંગમયુગની શબ્દાવલીના વિભાગમાં ફેબ્રુઆરી–૨૦૨૨ માસની શબ્દાવલી ભાગ–૧૫ જવાબો આ સાથે છે. જ્ઞાનના ચિંતનના આધારે તમારા જવાબોને સાચા જવાબો સાથે સરખાવી શકશો. સંગમયુગની શબ્દાવલી ભાગ–૧૬ અહીં પ્રસ્તુત છે. જેની આડી–ઊભી ચાવીઓ ભરશો. તમને આવતાં એપ્રિલ–૨૦૨૨ના અંકમાં સંગમયુગની શબ્દાવલી ભાગ–૧૬ના જવાબો મળશે.

## સંગમયુગની શબ્દાવલી ભાગ–૧૬

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | ■ | 4 | 5 | 6 | 7 | | 8 |
| 9 | | | 10 | ■ | 11 | | | ■ | |
| | ■ | 12 | | 13 | ■ | | ■ | 14 | ■ |
| 15 | 16 | ■ | 17 | | 18 | ■ | 19 | | |
| ■ | 20 | | ■ | 21 | | 22 | | | ■ |
| 23 | | ■ | 24 | ■ | 25 | | | | 26 |
| 27 | | ■ | 28 | 29 | ■ | ■ | | ■ | |
| | ■ | 30 | | | 31 | 32 | ■ | 33 | |
| ■ | 34 | | ■ | 35 | | | 36 | ■ | |
| 37 | | | ■ | ■ | ■ | 38 | | | |

## શબ્દાવલી ભાગ–૧૪ ના જવાબોવાળું કોષ્ટક

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 પુ | ષ્પ | 2 શાં | તા | 3 દા | દી | ■ | 4 વે | 5 દા | ન્ત |
| ન | ■ | તિ | ■ | વ | ■ | 6 પાં | ડ | વ | ■ |
| મ | ■ | 7 વ | 8 સં | 9 ત | પં | ચ | મી | ■ | 10 ભો |
| ■ | 11 દા | ન | ત | ■ | ચા | ■ | ■ | 12 મા | લી |
| 13 આ | દી | ■ | 14 જ્ઞા | ન | મૃ | 15 ત | ■ | 16 ફી | દા |
| 17 દુ | આ | ■ | ને | ■ | 18 ત | લ | ■ | ■ | દી |
| ■ | ત્મ | ■ | શ્વ | ■ | ■ | સા | ■ | 19 વિ | ■ |
| ■ | 20 મો | 21 ટ | ર | ■ | 22 અં | ક | લે | શ્વ | 23 ર |
| ■ | 24 હિ | ટ | ■ | 25 ખં | જ | રી | ■ | 26 ક | દ |
| 27 યુ | ની | ટ | ■ | 28 ત | ન | ■ | 29 ધ | ર્મા | ઉ |

### આડી ચાવીઓ:–

૧. ઠંડુ (૩)
૪. ૧૧ માર્ચ યજ્ઞના મહાન વિભૂતિનો પુણ્ય સ્મૃતિ દિવસ (૬)
૯. દુવા, આશીર્વાદ (૪)
૧૧. ગલી ..... બસ એક યહી (૩)
૧૨. સંગમ પર સમયનો ..... અમૂલ્ય છે. (૩)
૧૫. જ્ઞાનનું ..... નેત્ર (૨)
૧૭. ઉની–ઉની .....ને કારેલાનું શાક (૩)
૧૯. સેવાની એક વિંગ (૩)
૨૦. મહિલા, સ્ત્રી (૨)
૨૧. ધાર્મિકનું અંગ્રેજી (૫)
૨૩. ફાગણ (૨)
૨૫. હમારી ..... અચ્છી હોની ચાહિયે (૫)
૨૭. ઉંચો ..... રળિયામણો (૨)
૨૮. ભૂલ–ચુક ..... કરવો (૨)
૩૦. યજ્ઞના એક અષ્ટ રતન (૫)
૩૩. સીતાના પતિ (૨)
૩૪. ..... અને તપસ્વી (૨)
૩૫. સતયુગી ફ્રુટ ..... હશે (૪)
૩૭. સિંધુ (૩)
૩૮. સુંદર (૪)

### ઊભી ચાવીઓ:–

૧. ૧લી માર્ચ ૨૦૨૨નો પર્વ (૪)
૨. મલાઈ (૨)
૩. કાશ્મીરનું એક પર્યટન સ્થળ (૩)
૫. હૃદય (૨)
૬. ધૂપ માટેનો સુગંધી પદાર્થ (૩)
૭. 'નલ' શબ્દને ઉલ્ટો લખો. (૨)
૮. મુરલી કા એક એક વાક્ય ..... સમાન હૈ (૨)
૧૦. અદ્‌ભુત દૃશ્ય (૩)
૧૩. સહી કરનાર અમલદાર (૩)
૧૪. ..... પેપર મે પાસ હોના હૈ (૪)
૧૬. નરસિંહ મહેતાનું જન્મ સ્થળ (૪)
૧૮. ગ્રીન–ટી શબ્દનું ગુજરાતી ..... કહેવાય (૩)
૧૯. આચરણ લખો (૪)
૨૨. સરોવર (૨)
૨૩. હોળી – ધુળેટી ..... માસમાં આવે (૩)
૨૪. હમારા લક્ષ્ય બાપ ..... બનને કા હૈ (૩)
૨૬. શિર ઝુકાવવું, નમન (૫)
૨૯. અમીર અને ..... (૩)
૩૦. મિલકત – મૂડી (૩)
૩૧. નોકર (૨)
૩૨. દર્શન, સાક્ષાત્કાર (૩)
૩૪. તપ અને (૨)
૩૬. 'રમ' લખો. (૨)

Gyan Amrit Vol:15 | Issue 03 | March 2022| Retail Price - 12/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2020-2022 Vaild up to 31st December-2022 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/HQ/109/2020-2022 valid up to 31st December 2022, permitted to post at Ahmedabad PSO on 4th of every month.



સુખશાંતિ ભવન ખાતે આયોજીત 'આઝાદીના અમૃત મહોત્સવ'ના શુભારંભ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના કેબીનેટ મંત્રીશ્રી પ્રદીપસિંહ પરમાર, મેયરશ્રી કિરીટસિંહ પરમાર, MP ભ્રાતા સુરેશભાઈ પટેલ, બ્ર.કુ. નેહાબેન, બ્ર.કુ. અમરબેન.



કેશોદમાં 'આઝાદીના અમૃત મહોત્સવ'ના કાર્યક્રમમાં MP રમેશભાઈ ઘડુક, Ex. MLA અરવિંદભાઈ લાડાણી, શહેર BJP પ્રમુખ પ્રવીણભાઈ ભાલારા, અગ્રણી બિલ્ડર જયંતીભાઈ વધાસીયા, નગરપાલિકાના પ્રમુખ ભગિની લાભુબેન તથા બ્ર.કુ. રૂપાબેન.



એન્ટીગુઆ-વેસ્ટ ઈન્ડિઝ ખાતે આયોજીત ICC Under-19 વર્લ્ડકપ ક્રિકેટ ટુર્નામેન્ટની ભારત-ઈંગ્લેંડ ફાઈનલ મેચમાં વિજેતા ટીમ, ભારતીય યુવાબ્રિગેડ સમગ્ર ટીમને અભિનંદન પાઠવી ઈશ્વરીય સંદેશ આપ્યા બાદ વર્લ્ડ કપ ટ્રોફી સાથે કેપ્ટન યશ ધ્રુલ, વાઈસ કેપ્ટન એસ.કે. રસીદ, બ્ર.કુ. પાયલબેન.



નૈરોબી કિન્સારા ખાતે ૨૬ જાન્યુઆરી ગણતંત્ર દિવસની ઉજવણી બાદ ભારતના રાજદૂત મહામહિમ રામ કરણ વર્મા, જ્વેલ્સ આંતરરાષ્ટ્રીય સ્કુલના શ્રીમાન શ્રીમતી મુન્શી, ભગિની જયશ્રી અરોરા સાથે બ્ર.કુ. કુંજુબેન.



સુરત ઉધના ખાતે આયોજીત કાર્યક્રમમાં પધારેલ ગુજરાતી અને ભોજપુરી ફિલ્મ અભિનેત્રી ભગિની ચાંદની ચોપડાનું સન્માન કરી ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. કૌશિકાબેન સાથે બ્ર.કુ. રચનાબેન અને બ્ર.કુ. દીપાબેન.



મુંન્દ્રા કચ્છ ખાતે પશુરક્ષા કેન્દ્ર એંકરવાલા 'અહિંસા ધામ'માં આયોજીત ગૌરક્ષા કાર્યક્રમમાં બ્ર.કુ. સુશીલાબેનને મોમેન્ટો આપી સન્માનીત કરતાં મોટીવેટર ભ્રાતા શાંતિલાલ ગુલેચા અને ભગિની ઈલાબેન શાહ.

**If Undelivered Please Return to Publishing Place :**
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

**Publisher : Bharti Ranchhoddas Somaiya**
Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com